# કામકાજનો ટૂંકો અહેવાલ

## આઠમી ગુજરાત વિધાનસભા

## પાંચમું સત્ર

(તા. ૩જી સપ્ટેમ્બર, ૧૯૯૧ થી તા. ૧૧મી સપ્ટેમ્બર, ૧૯૯૧)

ગુજરાત વિધાનસભા સચિવાલય,
વિઠ્ઠલભાઈ પટેલ ભવન,
ગાંધીનગર.

૧૯૯૧

( કિંમત : રૂ. પૈ. )

सत्यमेव जयते

# કામકાજનો ટૂંકો અહેવાલ

## આઠમી ગુજરાત વિધાનસભા

## પાંચમું સત્ર

(તા. ૩જી સપ્ટેમ્બર, ૧૯૯૧ થી તા. ૧૧મી સપ્ટેમ્બર, ૧૯૯૧)

ગુજરાત વિધાનસભા સચિવાલય,
વિઠ્ઠલભાઈ પટેલ ભવન,
ગાંધીનગર.

૧૯૯૧

એચબી--૧૧૭૧

( કિંમત : રૂ. પૈ. )

©

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

# પ્રસ્તાવના

આ પ્રકાશનમાં આઠમી ગુજરાત વિધાનસભાના પાંચમા સત્ર (તા. ૩જી સપ્ટેમ્બર, ૧૯૯૧થી તા. ૧૧મી સપ્ટેમ્બર, ૧૯૯૧)માં થયેલા કામકાજની જુદી જુદી બાબતો અંગે ટૂંકી નોંધ આપવામાં આવી છે. શક્ય હોય ત્યાં આંકડાવાર માહિતી પણ આપી છે. આશા છે કે રસ ધરાવનાર સૌ કોઈ ને તે ઉપયોગી નીવડશે.

| | |
|---|---|
| ગુજરાત વિધાનસભા સચિવાલય | પુ. ના. ઠક્કર, |
| વિઠ્ઠલભાઈ પટેલ ભવન, | સચિવ, |
| ગાંધીનગર, તા. ૨૧—૧૨—૧૯૯૧ | ગુજરાત વિધાનસભા. |

# અનુક્રમણિકા


| ક્રમાંક | વિષય | પાના નંબર |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧. | આઠમી ગુજરાત વિધાનસભાના પાંચમા સત્ર (૩જી સપ્ટેમ્બર, ૧૯૯૧ થી ૧૧મી સપ્ટેમ્બર, ૧૯૯૧માં થયેલ કામકાજનો ટૂંકો અહેવાલ.... | ૧ |
| ૨. | પત્રક ક્રમાંક—૧ સત્રમાં) થયેલા જુદા જુદા કામકાજે લીધેલ સમય અને તેની ટકાવારી... ... | ૧૮ |
| ૩. | પત્રક ક્રમાંક—૨ ગૃહની બેઠકોની તારીખ અને સમય. | ૧૯ |
| ૪. | પત્રક ક્રમાંક—૩ સભ્યોએ વ્યક્તિગત રીતે આપેલી હાજરી ... | ૨૦ |
| ૫. | પત્રક ક્રમાંક—૪ સભ્યોની તારીખવાર હાજરી. ... | ૨૭ |
| ૬. | પત્રક ક્રમાંક—૫ ટૂંકી મુદતના, તારાંકિત અને અતારાંકિત પ્રશ્નોનો નિકાલ (આંકડામાં) ... ... | ૨૯ |
| ૭. | પત્રક ક્રમાંક—૬ ટૂંકી મુદતના પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં) ... ... | ૩૦ |
| ૮. | પત્રક ક્રમાંક—૭ તારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં) ... ... | ૩૪ |
| ૯. | પત્રક ક્રમાંક—૮ અતારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં) ... ... | ૩૮ |
| ૧૦. | પત્રક ક્રમાંક—૯ જુદા જુદા મંત્રીશ્રીઓના દાખલ થયેલ અને ગૃહમાં મૌખિક જવાબ અપાયેલ તારાંકિત—પ્રશ્નોની તારીખવાર માહિતી. ... | ૪૨ |
| ૧૧. | પત્રક ક્રમાંક—૧૦ દાખલ કરવાનાં સરકારી વિધેયકો. | ૫૨ |
| ૧૨. | પત્રક ક્રમાંક—૧૧ પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાં સરકારી વિધેયકો. ... ... | ૫૭ |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૧૩. પત્રક ક્રમાંક—૧૨ | વટહુકમો અને તે બહાર પાડવા અંગેનાં કારણો સમજાવતાં નિવેદનો. ... ... | ૬૦ |
| ૧૪. પત્રક ક્રમાંક—૧૩ | વટહુકમ નામંજૂર કરતા પ્રસ્તાવો. ... | ૬૧ |
| ૧૫. પત્રક ક્રમાંક—૧૪ | ચર્ચા માટેનો દિવસ નક્કી ન થયો હોય તેવા પ્રસ્તાવો (નિયમ ૧૦૧) ... ... | ૬૩ |
| ૧૬. પત્રક ક્રમાંક—૧૫ | ધ્યાન દોરતી સૂચનાઓ (નિયમ—૧૧૬) ... | ૬૪ |
| ૧૭. પત્રક ક્રમાંક—૧૬ | દાખલ કરવાનાં બિન-સરકારી વિધેયકો ... | ૬૫ |
| ૧૮. પત્રક ક્રમાંક—૧૭ | પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના (નિકાલ થયેલા) બિન-સરકારી વિધેયકો. ... | ૬૬ |
| ૧૯. પત્રક ક્રમાંક—૧૮ | પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે બાકી રહેલાં બિન-સરકારી વિધેયકો. ... ... | ૬૭ |
| ૨૦. પત્રક ક્રમાંક—૧૯ | ખરેખર થયેલા કામકાજ પ્રમાણેની સભાઓની તારીખવાર યાદી. ... ... | ૬૮ |
| ૨૧. પત્રક ક્રમાંક—૨૦ | રોજેરોજના કામકાજનો સારાંશ. ... | ૭૦ |
| ૨૨. પત્રક ક્રમાંક—૨૧ | વિધાનસભાની ચર્ચાઓમાં જુદા જુદા સભ્યોનો ફાળો.... ... ... | ૯૨ |
| ૨૩. પત્રક ક્રમાંક—૨૨ | જુદા જુદા કામકાજે લીધેલ સમય અને દિવસો | ૧૧૪ |
| ૨૪. પત્રક ક્રમાંક—૨૩ | વિભાજન. ... ... | ૧૧૬ |
| ૨૫. પત્રક ક્રમાંક—૨૪ | શોકદર્શક ઉલ્લેખ. ... ... | ૧૧૭ |
| ૨૬. પત્રક ક્રમાંક—૨૫ | વિધાનસભામાં પક્ષવાર સભ્ય સંખ્યા. ... | ૧૧૯ |

## આઠમી ગુજરાત વિધાનસભાના પાંચમાં સત્રમાં થયેલા કામકાજનો ટૂંકો અહેવાલ

### પ્રારંભિક

આઠમી ગુજરાત વિધાનસભાનું પાંચમું સત્ર મંગળવાર, તારીખ ૩જી સપ્ટેમ્બર, ૧૯૯૧ના રોજ શરૂ થયું હતું અને બુધવાર, તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૧૯૯૧ના રોજ રાજ્યપાલશ્રીના આદેશથી સમાપ્ત થયું હતું. સત્ર દરમિયાન વિધાનસભા કુલ—૭ દિવસ મળી હતી અને તેમાં ૭ બેઠકો થઈ હતી. સત્ર દરમિયાન વિધાનસભાએ કુલ ૩૨ કલાક અને ૨૦ મિનિટ કામ કર્યું હતું. સત્ર દરમિયાન જુદા જુદા કામકાજ જેવાં કે પ્રશ્નોત્તરી, સરકારી વિધેયકો, બિન-સરકારી વિધેયકો, પ્રસ્તાવો વગેરેમાં કેટલો સમય ગયો હતો તે અને તેની ટકાવારી પત્રક ક્રમાંક—૧માં આપવામાં આવી છે.

### ગૃહની બેઠકોની તારીખો અને સમય

૨. ગૃહની બેઠકોની તારીખ અને સમય પત્રક ક્રમાંક—૨માં આપવામાં આવ્યા છે.

### હાજરી

૩. સત્ર દરમિયાન એક દિવસમાં વધારેમાં વધારે હાજરી ૧૪૪ હતી અને ઓછામાં ઓછી હાજરી ૧૩૮ હતી. સરેરાશ હાજરી ૧૪૨ હતી. દરેક સભ્યે કેટલી બેઠકોમાં હાજરી આપી તે પત્રક ક્રમાંક—૩માં તથા દરેક બેઠકમાં કેટલા સભ્યોએ હાજરી આપી તે પત્રક ક્રમાંક—૪માં આપવામાં આવી છે.

### ટૂંકી મુદતના, તારાંકિત અને અતારાંકિત પ્રશ્નો

૪. સત્ર દરમ્યાન ૨૭ ટૂંકી મુદતના, ૧૩૧૦ તારાંકિત અને ૫૦૮ અતારાંકિત પ્રશ્નોની સૂચનાઓ મળી હતી, આ સૂચનાઓનો નિકાલ કેવી રીતે કરવામાં આવ્યો તેની માહિતી પત્રક ક્રમાંક :—૫, ૬, ૭ અને ૮માં આપવામાં આવી છે. તારાંકિત પ્રશ્નોની કયા મંત્રીશ્રી માટે કેટલી સુચનાઓ દાખલ કરવામાં આવી અને જે તે મંત્રીશ્રીના ગૃહમાં કેટલા પ્રશ્નો ચર્ચાયા તેની માહિતી પત્રક ક્રમાંક :—૯માં આપવામાં આવી છે.

સત્ર દરમ્યાન તારાંકિત પ્રશ્નો પૂછવા માટેનો વિગતવાર કાર્યક્રમ તારીખ ૩જી સપ્ટેમ્બર, ૧૯૯૧ થી તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૧૯૯૧ સુધીના કુલ ૭ દિવસ માટે નક્કી કરવામાં આવ્યો હતો. આમ કુલ ૭ દિવસની ગૃહની બેઠકોમાં કુલ ૭ દિવસની પ્રશ્નોત્તરી ગૃહમાં રજૂ થઈ હતી. તારીખ ૩જી સપ્ટેમ્બર, ૧૯૯૧ના રોજ ગૃહની બેઠક ભુતપૂર્વ વડાપ્રધાન સ્વ. શ્રી રાજીવ ગાંધીના શોકદર્શક ઉલ્લેખ બાદ તેમના માનમાં મુલતવી રહી હોવાથી તે દિવસની પ્રશ્નોત્તરી ગૃહમાં હાથ ધરી શકાઈ ન હતી. તેથી યાદીમાંના તમામ પ્રશ્નો અને જવાબોને સભાગૃહના મેજ ઉપર મુકાયેલા લેખિત જવાબો ગણવામાં આવ્યા હતા.

આઠમી ગુજરાત વિધાનસભાનું ચોથું સત્ર પુરું થયા પછી અને પાંચમા સત્રના છેલ્લા દિવસ સુધીમાં અતારાંકિત પ્રશ્નોની કુલ ૫૦૮ સૂચનાઓ મળી હતી. અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબોની ૫૦—૫૦ની એકેક એવી કુલ ચાર અતારાંકિત યાદીઓ અને નિયમ

૮૭–ક અન્વયે સત્રના છેલ્લા દિવસે સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવેલ–૪૩ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો સહિત કુલ ૨૪૩ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો સભા ગૃહમાં રજૂ કરવામાં આવ્યા હતા.

પ્રશ્નોત્તરીને લગતી કેટલીક અગત્યની માહિતી નીચે મુજબ છે.

(૧) ગૃહની કુલ ૭ દિવસની બેઠકોમાં ૭ દિવસની પ્રશ્નોત્તરી સભાગૃહમાં રજૂ થઈ હતી.

(૨) સત્ર દરમ્યાન ટૂંકી મુદતના કુલ ૭ પ્રશ્નો ગૃહમાં રજૂ થયા હતા અને ચર્ચાયા હતા.

(૩) સત્ર દરમ્યાન કુલ ૬૪૧ તારાંકિત પ્રશ્નો ગૃહમાં રજૂ કરવામાં આવ્યા હતા. અને તે પૈકી ૫૦ પ્રશ્નોના મૌખિક જવાબ આપવામાં આવ્યા હતા.

(૪) સત્ર દરમ્યાન ગૃહમાં રજુ થયેલ તારાંકિત પ્રશ્નોની કલ ૭ યાદીઓમાંથી વધુમાં વધુ તારાંકિત પ્રશ્નો એટલે કે ૧૧૪ પ્રશ્નો તા. ૯ઠ્ઠી સપ્ટેમ્બર, ૧૯૯૧ ના રોજ ઓછામાં ઓછા તારાંકિત પ્રશ્નો એટલે કે ૬૮ પ્રશ્નો તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૧૯૯૧ ના રોજની યાદીમાં હતા.

**અરધા કલાકની સૂચના**

૫. સત્ર દરમ્યાન નિયમ–૯૨ અન્વયેની અરધા કલાકની ચર્ચા ઉપસ્થિત કરવાની કુલ ૬ સૂચનાઓ મળી હતી. તેમાંથી ૨ સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી. અને ૧ (એક) સૂચના મંગળવાર, તા. ૧૦મી સપ્ટેમ્બર, ૧૯૯૧ ના રોજ ગૃહમાં ચર્ચાઈ હતી. ચર્ચાયેલી સૂચના સભ્ય શ્રી નલિન ભટ્ટની હતી જેનો વિષય "સચિવાલયમાં કારકુન અને ટાઈપિસ્ટની ખાલી જગ્યાના સંબંધમાં માન. મુખ્ય મંત્રીશ્રી (સામાન્ય વહીવટ) એ આપેલા જવાબ ઉપરથી ઉપસ્થિત કરેલી જાહેર અગત્યની બાબત" અંગેનો હતો.

## સરકારી વિધેયકો

**દાખલ કરવામાં સરકારી વિધેયકો**

૬. સત્ર દરમિયાન કુલ ૧૦ વિધેયકો દાખલ કરવા માટેનાં હતાં જે પૈકી ૪ વિધેયકો દાખલ કરવામાં આવ્યાં હતાં જ્યારે ૬ વિધેયકો દાખલ કરી શકાયાં ન હતાં. (જુઓ પત્રક ક્રમાંક : ૧૦)

**પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાં વિધેયકો**

૭. સત્ર દરમિયાન પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાં કુલ ૧૩ વિધેયકો હતા જે પૈકી સન ૧૯૯૧ ના વિધેયક ક્રમાંક : ૩૩,૩૪ અને ૩૫ એમ કુલ ત્રણ વિધેયકો પસાર કરવામાં આવ્યાં હતાં જ્યારે ૧૦ વિધેયકો સમયના અભાવે હાથ ધરી શકાયાં ન હતાં. (જુઓ પત્રક ક્માં : ૧૧)

## પસાર થયેલાં સરકારી વિધેયકોનું વર્ગીકરણ

૮. વિધેયકોનું વર્ગીકરણ

| | | |
|---|---|---|
| (૧) | મુંબઇ રાજ્યના અમલીકાયદાને સુધારતું વિધેયક | ૧ |
| (૨) | ગુજરાત રાજ્યના અમલી કાયદાને સુધારતાં વિધેયકો | ૨ |
| | કુલ | ૩ |

૯. વિષયવાર વર્ગીકરણ

| | | |
|---|---|---|
| (૧) | નાણાકીય બાબતને લગતું વિધેયક | ૧ |
| (૨) | જમીનને લગતું વિધેયક | ૧ |
| (૩) | અન્ય | ૧ |
| | કુલ | ૩ |

## વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલા રાષ્ટ્રપતિ/રાજ્યપાલશ્રીની અનુમતિવાળા વિધેયકો

૧૦. સત્ર દરમ્યાન રાષ્ટ્રપતિ/રાજ્યપાલશ્રીની અનુમતિવાળાં નીચેનાં વિધેયકો વિધાનસભા ગૃહના મેજ ઉપર મુકવામાં આવ્યાં હતાં.

| અનુક્રમ નંબર | વિધેયક | કોની અનુમતી મળી છે. | અનુમતિ મળ્યા તારીખ | મેજ ઉપર મૂકયા તારીખ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | સન ૧૯૯૧ નું વિધેયક ક્રમાંક--૩ સન ૧૯૯૧ નું મુંબઈ, ભાડા, હોટેલ અને નિવાસગૃહ દર નિયંત્રણ (ગુજરાત સુધારા) વિધેયક | રાષ્ટ્રપતિશ્રી | ૨૬--૩--૯૧ | ૪--૯--૯૧ |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| ૨. | સન ૧૯૯૧ નું વિધેયક ક્રમાંક–૭–સન ૧૯૯૧ નું ગુજરાત અશાંત વિસ્તારોની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મુકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડુતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઈ કરવા બાબત વિધેયક | રાષ્ટ્રપતિશ્રી | ૨૯–૩–૯૧ | ૪–૯–૯૧ |
| ૩. | સન ૧૯૯૧ નું વિધેયક ક્રમાંક–૮–સન ૧૯૯૧ નું ભારતનો ભાગીદારી (ગુજરાત સુધારા) વિધેયક | રાષ્ટ્રપતિશ્રી | ૩–૪–૯૧ | ૪–૯–૯૧ |
| ૪. | સન ૧૯૯૧ નું વિધેયક ક્રમાંક–૨૨–સન ૧૯૯૧ નું મુંબઈ વિદ્યુત શુલ્ક (ગુજરાત સુધારા) વિધેયક | રાજ્યપાલશ્રી | ૨૮–૩–૯૧ | ૪–૯–૯૧ |
| ૫. | સન ૧૯૯૧ નું વિધેયક ક્રમાંક–૨૩–સન ૧૯૯૧ નું ગુજરાત (હોટેલ અને નિવાસગૃહ) સુખસુવિધા કર (સુધારા) વિધેયક | રાજ્યપાલશ્રી | ૨૮–૩–૯૧ | ૪–૯–૯૧ |
| ૬. | સન ૧૯૯૧ નું વિધેયક ક્રમાંક–૨૮–સન ૧૯૯૧ નું ગુજરાત વેચાણવેરા (સુધારા) વિધેયક | રાજ્યપાલશ્રી | ૨૮–૩–૯૧ | ૪–૯–૯૧ |
| ૭. | સન ૧૯૯૧ નું વિધેયક ક્રમાંક–૨૯–સન ૧૯૯૧ નું મુંબઈ મોટર વાહન વેરા (ગુજરાત સુધારા) વિધેયક | રાજ્યપાલશ્રી | ૨૮–૩–૯૧ | ૪–૯–૯૧ |
| ૮. | સન ૧૯૯૧ નું વિધેયક ક્રમાંક–૩૧–સન ૧૯૯૧ નું ગુજરાત વિનિયોગ વિધેયક | રાજ્યપાલશ્રી | ૨૮–૩–૯૧ | ૪–૯–૯૧ |
| ૯. | સન ૧૯૯૧ નું વિધેયક ક્રમાંક–૧૯–સન ૧૯૯૧ નું ગુજરાત એડવોકેટ કલ્યાણ ફંડ વિધેયક. | રાષ્ટ્રપતિશ્રી | ૨૭–૮–૯૧ | ૧૧-૯-૯૧ |

### અધ્યક્ષને પદ પરથી દૂર કરવા બાબતનો પ્રસ્તાવ (નિયમ—૧૦૩)

૧૧. અધ્યક્ષને અધ્યક્ષપદેથી દૂર કરવા વિધાનસભાના નિયમોના નિયમ--૧૦૩ અન્વયે વિ. સ. સ. શ્રી પ્રવિણસિંહજી જાડેજાએ પ્રસ્તાવની સૂચના આપી હતી જે દાખલ કરવામાં આવી હતી. તા. ૧૧મી સપ્ટેમ્બર, ૧૯૯૧ ના દિવસના કામકાજની યાદીમાં આ બાબત દર્શાવવામાં આવી હતી. સભાગૃહમાં આ પ્રસ્તાવ દાખલ કરવા સભ્યશ્રીઓની અનુમતિ મેળવવાના હેતુસર અધ્યક્ષશ્રી દ્વારા પ્રસ્તાવ વાંચવામાં આવે તે પહેલાં પત્ર દ્વારા પ્રભારી સભ્યશ્રીએ એવી જાણ કરી હતી કે તેઓ પ્રસ્તાવ રજૂ કરવા માંગતા નથી તેથી સભાગૃહમાં સભ્યશ્રીઓની અનુમતિ મેળવવાનું પ્રસ્તાવનું વાંચન કરવામાં આવ્યું નહીં.

### મંત્રીમંડળમાં અવિશ્વાસ વ્યકત કરતો પ્રસ્તાવ (નિયમ—૧૦૬)

૧૨. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ--૧૦૬ હેઠળ મંત્રી મંડળમાં અવિશ્વાસ વ્યકત કરતા પ્રસ્તાવની એક સૂચના સભ્ય શ્રી સુરેશચંદ્ર રૂ. મહેતાની આવી હતી. જે સૂચના દાખલ કરવામાં આવી હતી. પ્રસ્તાવ ઉપર તા. ૪થી સપ્ટેમ્બર, ૧૯૯૧ અને ૫મી સપ્ટેમ્બર, ૧૯૯૧ ના રોજ ચર્ચા હાથ ધરવામાં આવી હતી. ચર્ચાને અંતે પ્રસ્તાવ મત માટે મૂકાતાં તેનો અસ્વીકાર કરવામાં આવ્યો હતો.

### સભામોકૂફીના પ્રસ્તાવો (નિયમ—૧૦૮)

૧૩. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ--૧૦૮ અન્વયેની સભામોકુફીના પ્રસ્તાવની કુલ–૧ સૂચના મળી હતી. જે નામંજૂર કરવામાં આવી હતી.

### વૈધાનિક પ્રસ્તાવો

#### નિયમ—૧૦૦ અન્વયેનો પ્રસ્તાવ

૧૪. બીજાસત્રમાં દાખલ કરવામાં આવેલ સભ્ય શ્રી મનોહરસિંહજી જાડેજાની નિયમ-૧૦૦ અન્વયેનો વૈધાનિક પ્રસ્તાવ સમયના અભાવે પાંચમા સત્રમાં પણ હાથ ધરી શકાયો ન હતો.

### વટહુકમનું સ્થાન લેતાં વિધેયકો

૧૫. સત્ર દરમિયાન સન ૧૯૯૧ ના વટહુકમ ક્રમાંક ૧ તથા ૨ અને તે વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતાં નિવેદનો તા. ૪થી સપ્ટેમ્બર, ૧૯૯૧ ના રોજ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં હતાં. આ બંને વટહુકમનું સ્થાન લેતાં વિધેયકો અનુક્રમે સન ૧૯૯૧ ના વિધેયક ક્રમાંક ૩૩ અને ૩૫ પસાર કરવામાં આવ્યાં હતાં. (જુઓ પત્રક ક્રમાંક ૧૨)

વટહુકમ નામંજૂર કરતા પ્રસ્તાવો [નિયમ ૧૫૨(૨)]

૧૬. સત્ર દરમિયાન સન ૧૯૯૧ ના વટહુકમ ક્રમાંક–૧ ઉપર ૪ અને વટહુકમ ક્રમાંક ૨ ઉપર ૪ સભ્યોની વટહુકમ નામંજૂર કરતા પ્રસ્તાવોની સૂચના દાખલ કરવામાં આવી હતી જે પૈકી બે પ્રસ્તાવો રજૂ કરવામાં આવ્યા હતા. (જુઓ પત્રક ક્રમાંક ૧૩)

ચર્ચા માટેના દિવસ નક્કી ન થયો હોય તેવા પ્રસ્તાવો (નિયમ-૧૦૧)

૧૭. જેની ચર્ચા માટેનો દિવસ નક્કી ન થયો હોય તેવા ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૦૧ હેઠળના પ્રસ્તાવોની કુલ–૭ સૂચનાઓ મળી હતી. જે પૈકી ૫ સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી. દાખલ થયેલી સૂચનાઓ પૈકી બે સૂચનાઓને કામકાજ સલાહકાર સમિતિએ ચર્ચા માટે પસંદ કરી હતી, જે બન્ને સૂચનાઓ તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૧૯૯૧ના રોજ ચર્ચા માટે હાથ ધરવામાં આવી હતી. આ બન્ને પ્રસ્તાવો ઉપર પ્રભારી સભ્યશ્રીઓએ જવાબ આપ્યા પછી એક પ્રસ્તાવ સભાગૃહની અનુમતિથી પાછો ખેંચી લીધો હતો અને બીજા પ્રસ્તાવ પર ફક્ત ચર્ચા થઈ હતી. બાકીની ૩ સૂચનાઓ સમયના અભાવે ચર્ચા માટે હાથ ધરી શકાઈ ન હતી.

(જુઓ પત્રક ક્રમાંક ૧૪)

છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ–૧૦૨)

૧૮. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૦૨ હેઠળ છેલ્લા દિવસનો પ્રસ્તાવ રજૂ કરવાની ઈચ્છા વ્યક્ત કરતી કુલ ૩૪ સૂચનાઓ મળી હતી. આવી સૂચનાઓ આપનાર સભ્યશ્રીઓનાં નામોનું બેલટ તારીખ ૫મી સપ્ટેમ્બર, ૧૯૯૧ના રોજ યોજવામાં આવ્યું હતું. બેલટમાં જેમને અગ્રતા મળી હતી તે સભ્યશ્રી દિલીપભાઈ પરીખે ગુજરાત રાજ્યના કેન્દ્ર સરકાર સાથેના વિવિધ પ્રશ્નોના ઉકેલ લાવવાની બાબત વિચારણામાં લેવા અંગેના પ્રસ્તાવની સૂચના આપી હતી. જે દાખલ કરવામાં આવી હતી. આ પ્રસ્તાવ પર તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૧૯૯૧ના રોજ સભાગૃહમાં ચર્ચા થઈ હતી.

ટૂંક સમયની ચર્ચા (નિયમ–૧૧૨)

૧૯. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૧૨ હેઠળની તાકીદની જાહેર અગત્યની બાબત પર ટૂંક સમયની ચર્ચા ઉપસ્થિત કરવા માટેની કુલ ૨ સૂચનાઓ આવી હતી, જે બન્ને સૂચનાઓ નામંજૂર કરવામાં આવી હતી.

ધ્યાન દોરતી સૂચનાઓ (નિયમ–૧૧૬)

૨૦. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૧૬ હેઠળ તાકીદની જાહેર અગત્યની બાબત પર મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માટે કુલ ૮૨ સૂચનાઓ આવી હતી જેમાંથી ૭૨ સૂચનાઓ નામંજૂર કરવામાં આવી હતી. બાકીની ૧૦ સૂચનાઓ પૈકી સરખા વિષયની

સૂચનાઓના સભ્યશ્રીઓના નામ જોડતાં કુલ ૬ સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી. દાખલ થયેલી બધી સૂચનાઓ ઉપર સંબંધિત મંત્રીશ્રીઓએ સભાગૃહમાં નિવેદન કર્યા હતાં. (જુઓ પત્રક ક્રમાંક ૧૫).

## બિન-સરકારી વિધેયકો

### દાખલ કરવાનાં બિન-સરકારી વિધેયકો

૨૧. સત્ર દરમિયાન બે બિન-સરકારી વિધેયકો દાખલ કરવાનાં હતાં. જે પૈકી એક વિધેયક દાખલ કરવામાં આવ્યું હતું જ્યારે બીજા વિધેયકને દાખલ કરવા માટે સંવિધાનના અનુચ્છેદ ૩૦૪ (ખ) અન્વયે રાષ્ટ્રપતિશ્રીની પૂર્વ-મંજૂરી જરૂરી હોઈ અને તે સરકાર દ્વારા મેળવાઈ ન હોઈ દાખલ થઈ શક્યું ન હતું. (જુઓ પત્રક ક્રમાંક ૧૬).

### પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાં બિન-સરકારી વિધેયકો

૨૨. ચોથા સત્રના અંતે નિકાલ માટે બાકી રહેલાં ૭ બિન-સરકારી વિધેયકો અને પાંચમા સત્રમાં દાખલ કરવામાં આવેલ ૧ વિધેયક સાથે કુલ ૮ બિન-સરકારી વિધેયકો પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે હાથ ધરવાના હતાં. તે પૈકી તારીખ ૫મી સપ્ટેમ્બર, ૧૯૯૧ના રોજ બે વિધેયકો પહેલાં વાંચનના અંતે સભાગૃહની સંમતિથી પાછા ખેંચવામાં આવ્યાં હતાં જ્યારે એક વિધેયકનો અસ્વીકાર કરવામાં આવ્યો હતો (જુઓ પત્રક ક્રમાંક ૧૭) જ્યારે પાંચ વિધેયકો પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે બાકી રહ્યાં હતાં. ( જુઓ પત્રક ક્રમાંક : ૧૮).

### દાખલ થયેલ બિન-સરકારી વિધેયકોનું વર્ગીકરણ

૨૩. સત્ર દરમિયાન દાખલ થયેલ સન ૧૯૯૧નું વિધેયક ક્રમાક-૩૯, નવું વિધેયક હતું જે જાહેર સેવાને લગતું હતું.

### ઔચિત્યભંગના મુદ્દા :

૨૪. ગૃહના ઔચિત્ય ભંગના મુદ્દા ઉપસ્થિત કરવાની પરવાનગી માગતી બે સૂચના મળી હતી જે બન્ને નામંજૂર કરવામાં આવી હતી.

### વિશેષાધિકાર ભંગના પ્રશ્નોની સૂચના :

૨૫. સત્ર દરમિયાન વિશેષાધિકાર ભંગના પ્રશ્નોની ૫ સૂચનાઓ મળી હતી જે પૈકી ત્રણ સૂચનાઓ નામંજૂર કરવામાં આવી હતી જ્યારે બાકીની બે સૂચનાઓ વિચારણા હેઠળ રહી હતી.

### સભાગૃહના અવમાનના કિસ્સા

૨૬. સત્ર દરમ્યાન તા. ૫મી સપ્ટેમ્બર, ૧૯૯૧ ના રોજ પ્રેક્ષક દીર્ઘામાંથી સુત્રોચ્ચાર કરી સભાગૃહનું અવમાન કરવાના ત્રણ બનાવો બન્યા હતા.

પ્રથમ બનાવ બપોરના ૧૩.૫૦ કલાકે બન્યો હતો ગૃહની મહિલા પ્રેક્ષક દીર્ધામાંથી કેટ-લીક મહિલાઓએ સુત્રોચ્ચાર કરીને બંગડીઓ ફેંકી હતી. બીજો બનાવ મંત્રી મંડળમાં અવિશ્વાસ વ્યકત કરતા પ્રસ્તાવ પરની ચર્ચા દરમ્યાન બન્યો હતો કેટલાટ પ્રેક્ષકોએ પ્રેક્ષક દિર્ઘામાં સૂત્રોચ્ચાર કર્યો હતો અને ત્રીજો બનાવ સાંજના ૫.૦૦ વાગ્યાના સુમારે બન્યો હતો. પ્રેક્ષક દીર્ધામાં કેટલાક પ્રેક્ષકોએ સુત્રોચ્ચાર કરીને દેખાવો કર્યા હતા.

ત્રણે બનાવો વખતે માન. અધ્યક્ષશ્રીના આદેશથી સલામતી દળના સભ્યોએ અવમાનકર્તાઓને દીર્ધામાંથી દૂર કર્યા હતા. સભાગૃહે ત્રણે કિસ્સામાં અવમાનકર્તાઓને ગૃહની બેઠક પૂરી થાય ત્યાં સુધીની સજા કરવાનો પ્રસ્તાવ પસાર કર્યો હતો તદ્‌અનુસાર અવમાનકર્તાઓને સાર્જન્ટ એટઆર્મ્સની કસ્ટડીમાં અટકાયતમાં રાખવામાં આવ્યા હતાં. અને તે દિવસની સભાગૃહની બેઠક પૂરી થયા બાદ તેઓને મુકત કરવામાં આવ્યા હતા.

### પોઈન્ટ ઓફ ઓર્ડર

૨૭. સત્ર દરમિયાન કુલ ૩ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવામાં આવ્યા હતા. તેમાંથી ૨ પોઈન્ટ ઓફ ઓર્ડર માન્ય રાખવામાં આવ્યા હતા. અને એક પોઈન્ટ ઓફ ઓર્ડર માન્ય રાખવામાં આવ્યો ન હતો.

### યાદગાર પ્રસંગો

**૨૮. (૧) અવિશ્વાસના પ્રસ્તાવની ચર્ચા માટે સમય ફાળવવાનો મુદ્દો :**

સભ્ય શ્રી સુરેશચંદ્ર રૂ. મહેતાએ વિધાનસભાના નિયમોના નિયમ ૧૦૬ અન્વયે મંત્રી મંડળમાં અવિશ્વાસ વ્યકત કરતો પ્રસ્તાવ ગૃહમાં તા. ૪થી સપ્ટેમ્બર, ૧૯૯૧ ના રોજ રજૂ કર્યો હતો. તે સંબંધમાં સભાગૃહના નેતા શ્રી ચીમનભાઈ પટેલે એવું સૂચન કર્યું કે ઉકત પ્રસ્તાવની ચર્ચા તુર્ત જ શરૂ કરીને તે જ દિવસે પૂરી કરવી, સભ્ય શ્રી સુરેશ મહેતાએ તે સૂચનનો વિરોધ કર્યો હતો તથા પ્રસગની ચર્ચા માટે બે દિવસના સમયની માંગણી કરી હતી.

ત્યારબાદ સભ્ય શ્રી સી. ડી. પટેલે, ઉપાધ્યક્ષ શ્રી મનુભાઈ પરમાર, સભ્ય શ્રી મનોહર-સિંહજી જાડેજા, સભ્ય શ્રી અશોક ભટ્ટ, કાયદા મંત્રી શ્રી શશીકાંત લાખાણીએ પોતપોતાના દ્રષ્ટિબિંદુ રજૂ કર્યા હતા. વિધાનસભાના નિયમોના નિયમ ૧૦૬ (૪) માં એવી જોગવાઈ છે કે આવી પ્રસ્તાવની ચર્ચા માટે અધ્યક્ષે એક દિવસ નિયત કરવાના રહેશે,આ જોગવાઈના અર્થઘટન અને ભૂતકાળમાં આવા પ્રસ્તાવને ફાળવેલ સમય અંગે વિવિધ અને વિરોધાભાસી મંતવ્યો રજૂ થયા, મા. અધ્યક્ષશ્રીએ આ મંતવ્યોની સમીક્ષા કરીને પોતાનો નિર્ણય આપતી વખતે "એક દિવસની ચર્ચા આપી શકાય અને ચર્ચા શરૂ થઇ શકે" તેવું ઉચ્ચારણ કર્યું. તે સાથે જ ભાજપના સભ્યશ્રીઓ ઉભા થઈને "વી વોન્ટ જસ્ટીસ" ના નારાઓ લગાવતા સભાગૃહની મધ્યમાં એકઠા થઈ ગયા હતા. ગૃહની કાર્યવાહી આગળ ચાલી શકે તેવી પરિસ્થિતિ ન રહેતાં, મા. અધ્યક્ષશ્રીએ બપોરના ૩--૩૨ વાગે ગૃહની બેઠક અર્ધા કલાક સુધી મુલતવી રાખી હતી.

બપોરનાં ૪--૦૪ વાગ્યે બેઠક ફરીથી મળી ત્યારે અવિશ્વાસની દરખાસ્ત પરની ચર્ચા આજના દિવસનું રાબેતા મુજબનું કામકાજ પૂરું થયા બાદ તુરત જ શરૂ કરવા તથા ગૃહની બેઠક સાંજના ૬--૦૦ સુધી લંબાવીને ચર્ચા કરવા તથા બીજા દિવસે પ્રશ્નોત્તરી બાદ ચર્ચા ચાલુ રાખવામાં આવશે તેવો નિર્ણય અધ્યક્ષશ્રીએ આપ્યો હતો.

## (૨) સભાગૃહનું અવમાન થવાના એક જ દિવસમાં ૩ બનાવો :

૧. તા. ૫મી સપ્ટેમ્બર, ૧૯૯૧ના રોજ મંત્રી મંડળમાં અવિશ્વાસ વ્યક્ત કરતા પ્રસ્તાવ પરની ચર્ચા ચાલતી હતી ત્યારે મહિલા પ્રેક્ષક દીર્ઘામાંથી કેટલીક મહિલાઓએ "સિસ્વાને ન્યાય આપો" એવાં સૂત્રો પોકારીને સભાગૃહમાં બંગડીઓ ફેંકી હતી, સભાગૃહના આ અવમાન માટે, દેખાવ કરનાર મહિલાઓને ગૃહની તે દિવસની બેઠક પૂરી થાય ત્યાં સુધી અટકાયતમાં રાખવાનો પ્રસ્તાવ ગૃહમાં વિના વિરોધે પસાર થતાં તેનો અમલ કરવાનો મા. અધ્યક્ષશ્રીએ આદેશ આપ્યો હતો.

૨. ત્યારબાદ સભ્ય શ્રી ભોળાભાઈ પટેલ પોતાનું વક્તવ્ય રજૂ કરી રહ્યા હતા તે દરમ્યાન પ્રેક્ષક દીર્ઘામાંથી કેટલાક પ્રેક્ષકોએ સુત્રોચ્ચાર શરૂ કરતાં તેમની ધરપકડ કરીને દીર્ઘામાંથી દૂર લઈ જવાનો મા. અધ્યક્ષશ્રીએ સલામતી અધિકારીઓને આદેશ કર્યો હતો. પ્રેક્ષકોએ કરેલા સભાગૃહના અવમાન માટે ત્રણ દિવસની સજાનો પ્રસ્તાવ કાયદા મંત્રીશ્રી શશીકાંત લાખાણી દ્વારા રજૂ થતાં વિરોધપક્ષના નેતા શ્રી કેશુભાઈ પટેલે તેનો વિરોધ કરી ત્રણને બદલે એક દિવસની સજા કરવાનું સૂચન કર્યું હતું. ત્યારબાદ સજાની અવધિ અંગે ટૂંકી ચર્ચા પછી એક દિવસની સજા કરવા સભાગૃહે નિર્ણય કર્યો અને તદનુસાર દેખાવ કરનારને સભાગૃહની બેઠક પૂરી થતાં સુધી અટકાયતમાં રાખવામાં આવ્યા હતા.

૩. અવિશ્વાસના પ્રસ્તાવ પરની ચર્ચાનો જવાબ મા. મુખ્ય મંત્રીશ્રી આપી રહ્યા હતા ત્યારે પ્રેક્ષક દીર્ઘામાંથી સુત્રોચ્ચાર કરવાનો ત્રીજો બનાવ બન્યો હતો અને તેમને પણ સભાગૃહની બેઠક પૂરી થતાં સુધી અટકાયતમાં રાખવા સભાગૃહે નિર્ણય કર્યો હતો.

## (૩) ગૃહમાં બંગડીથી સર્જાયેલ કલહ અભૂતપૂર્વ દૃશ્યો :

તા. ૫મી સપ્ટેમ્બર, ૧૯૯૧ ના રોજ મંત્રી મંડળમાં અવિશ્વાસ વ્યક્ત કરતા પ્રસ્તાવ પરની ચર્ચા ચાલતી હતી તે વખતે સભાગૃહની મહિલા પ્રેક્ષક દીર્ઘામાંથી કેટલીક મહિલાઓએ સુત્રોચ્ચાર કરી બંગડીઓ ફેંકી હતી. ભારતીય જનતા પાર્ટીના સભ્ય શ્રી મદનલાલ કાપડીયા, એમાંની એકાદ-બે બંગડી ઉપાડીને ચાલુ સભાગૃહે મંત્રીશ્રીની બેઠક પાસે ગયા અને તેમના મેજ ઉપર બંગડીઓ મૂકવાનો પ્રયાસ કરતાં અને કેટલાંક ઉચ્ચારણો કરતાં, સભાગૃહમાં એકાએક ઉગ્રતાનું વાતાવરણ વ્યાપ્યું, મંત્રીશ્રીઓની બેઠક ઉપરથી શ્રી લીલાધર વાઘેલા કંઈક અપશબ્દો બોલતાં જણાયા અને શાસક પક્ષ અને વિરોધ પક્ષના સભ્યો વચ્ચે મારામારી થાય તે હદ સુધી પરિસ્થિતિ વણસી ગઈ. સભાગૃહને શાંત પાડવાના મા. અધ્યક્ષશ્રીના પ્રયાસો નિષ્ફળ જતાં અને સભ્યો વચ્ચે સર્જાયેલો કલહ પરાકાષ્ટાએ પહોંચે તે પહેલાં કુનેહ વાપરીને મા. અધ્યક્ષશ્રીએ સભાગૃહની બેઠક મુલતવી રાખી દીધી.

**(૪) સભ્ય શ્રી જશપાલસિંહને સભ્યપદેથી ગેરલાયક ઠરાવવા સંબંધમાં અધ્યક્ષશ્રીની જાહેરાતો :**

તા. ૪થી સપ્ટેમ્બર, ૧૯૯૧ ના રોજ મા. અધ્યક્ષશ્રીએ તેમને બંધારણની ૧૦મી અનુસૂચિમાં મળેલી સત્તાની રૂએ સભ્ય શ્રી જશપાલસિંહને ગેરલાયક ઠરાવવા કરેલા નિર્ણયની સભાગૃહને જાણ કરી. અધ્યક્ષશ્રીના આ હુકમ સામે શ્રી જશપાલસિંહે સર્વોચ્ચ અદાલતમાં કરેલ અપીલના અનુસંધાને સુપ્રિમ કોર્ટે કરેલા વચગાળાના હુકમને ધ્યાનમાં ન લેવા અંગે પણ જાહેરાત કરી. મા. અધ્યક્ષશ્રીની આ જાહેરાતો સંબંધમાં સભાગૃહના કેટલાક સભ્યોએ પોતાના મંતવ્યો વ્યકત કર્યા અને આવી જાહેરાત થઈ શકે કેમ તે સંબંધમાં સંદેહ વ્યકત કરવામાં આવ્યો.

માં. અધ્યક્ષશ્રીએ તેમણે કરેલી જાહેરાત સંબંધમાં સ્પષ્ટતા કરતાં જણાવ્યું કે સભ્યોને ગેરલાયક ઠરાવવા સંબંધમાં થયેલા નિયમોની જોગવાઈ પ્રમાણે જ તેમણે સભ્ય શ્રી જશપાલસિંહને ગેરલાયક ઠરાવવા સંબંધમાં ગૃહમાં જાહેરાત કરી હતી અને સુપ્રિમ કોર્ટની નોટિસ અને વચગાળાના હુકમ અંગે પણ જે જાહેરાત કરી તે ગૃહને વાકેફ કરવાના હેતુથી તેમજ લોકસભા તથા અન્ય રાજ્ય વિધાનમંડળોમાં તે અંગે થતી કાર્યવાહીને અનુસરીને જાહેરાત કરી હતી.

**સમિતિની બેઠકો**

૨૯. સત્ર દરમિયાન નીચે જણાવેલ સમિતિઓની બેઠકો મળી હતી.

| અ. નં.<br>૧ | સમિતિનું નામ<br>૨ | બેઠકની તારીખ<br>૩ |
|---|---|---|
| ૧. | કામકાજ સલાહકાર સમિતિ | ૪–૯–૯૧ |
| | - | ૬–૯–૯૧ |
| | | ૯–૯–૯૧ |
| ૨. | બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિ | ૩–૯–૯૧ |
| ૩. | વિશેષાધિકાર સમિતિ | ૫–૯–૯૧ |
| ૪. | સદસ્ય નિવાસ વ્યવસ્થા સમિતિ | ૫–૯–૯૧ |
| | | ૧૦–૯–૯૧ |
| ૫. | સભાગૃહની બેઠકોમાં સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિ. | ૧૦–૯–૯૧ |
| ૬. | સિદુમ્બરમમાં બનેલા ગોળીબારના બનાવ સંબંધમાં તપાસ કરવા નિમાયેલી સમિતિ. | ૧૦–૯–૯૧ |

**વિધાનસભામાં રજૂ થયેલા/ચર્ચાયેલા ગૃહની સમિતિના અહેવાલો**

૩૦. સત્ર દરમિયાન નીચે જણાવેલ સમિતિના અહેવાલો સભાગૃહમાં રજુ થયા હતા/ચર્ચાયા હતા.

| સમિતિ | | અહેવાલ રજૂ થયા તારીખ | અહેવાલ ચર્ચાયા તારીખ |
|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ |
| ૧. | કામકાજ સલાહકાર સમિતિ | | |
| | અઢારમો અહેવાલ | ૯--૯--૯૧ | ૯--૯--૯૧ |
| ૨. | બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિ. | | |
| | તેરમો અહેવાલ | ૪--૯--૯૧ | ૪--૯--૯૧ |
| ૩. | જાહેર સાહસો માટેની સમિતિ | | |
| | ત્રીજો અહેવાલ | ૪--૯--૯૧ | ... |
| ૪. | અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ. | | |
| | (૧) નવમો અહેવાલ | ૪--૯--૯૧ | ... |
| | (૨) દસમો અહેવાલ | ૪--૯--૯૧ | ... |
| ૫. | સભાગૃહની બેઠકોમાં સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિ. | | |
| | ત્રીજો અહેવાલ | ૧૧--૯--૯૧ | ૧૧--૯--૯૧ |

## વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલા કાગળો (અધિસૂચનાઓ સિવાય)

૩૧. સત્ર દરમ્યાન નીચેના કાગળો (અધિસૂચનાઓ સિવાય) વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યાં હતાં.

| અ. નં. | વિગત | મેજ ઉપર મૂક્યા તારીખ. |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧. | ગુજરાત રાજ્ય નાણાકીય નિગમનો સન ૧૯૮૯–૯૦નો ઓડિટ અહેવાલ, અને આ અહેવાલને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનું નિવેદન. | ૪–૯–૯૧ |
| ૨. | ગુજરાત રાજ્ય નાણાકીય નિગમનો સન ૧૯૯૦–૯૧નો વાર્ષિક અહેવાલ. | " |
| ૩. | ગુજરાત કૃષિ વિશ્વ વિદ્યાલયના સન ૧૯૭૯–૮૦ અને ૧૯૮૦–૮૧ના ઓડિટ અહેવાલ તથા તે પર લેવાયેલા પગલાનું નિવેદન તેમજ આ અહેવાલોને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનું નિવેદન. | " |
| ૪. | ગુજરાત કૃષિ વિશ્વ વિદ્યાલયનો સન ૧૯૮૮–૮૯નો વાર્ષિક વહીવટી અહેવાલ તથા વિદ્યાલયની કામગીરી અંગેનો સરકારનો અહેવાલ અને અહેવાલને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન. | " |
| ૫. | ગુજરાત રાજ્ય બીજ નિગમ લિમિટેડના સન ૧૯૮૯–૯૦નો વાર્ષિક અહેવાલ, નિગમની કામગીરી અંગેનો સરકારનો અહેવાલ તથા આ અહેવાલને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનું નિવેદન. | " |
| ૬. | ગુજરાત વિદ્યુત બોર્ડનું સન ૧૯૯૧–૯૨નું વાર્ષિક નાણાકીય વિવરણ પત્રક (અંદાજપત્ર) | " |
| ૭. | ઈન્ડીયન ઓઈલ કોરપોરેશનનો સન ૧૯૮૯–૯૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનું નિવેદન. | ૫–૯–૯૧ |

| ૧ | ૨ | ૩ |
| --- | --- | --- |
| ૮. | ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનું સન ૧૯૯૧-૯૨નું અંદાજપત્ર. | ૫--૯--૯૧ |
| ૯. | ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમના સન ૧૯૮૯--૯૦ના વાર્ષિક હિસાબો, ઓડિટ અહેવાલ, તથા આ અહેવાલને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનું નિવેદન. | ૯--૯--૯૧ |
| ૧૦. | ગુજરાત પ્રવાસન નિગમનો સન ૧૯૮૫--૮૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનું નિવેદન. | ૧૦--૯--૯૧ |
| ૧૧. | ગુજરાત મેરી ટાઈમ બોર્ડના સન ૧૯૮૯--૯૦ના વાર્ષિક હિસાબો, ઓડિટ અહેવાલ તથા આ અહેવાલને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનું નિવેદન. | ” |
| ૧૨. | ગુજરાત હાઉસીંગ બોર્ડનો સન ૧૯૮૮--૮૯ના વર્ષનો હિસાબ, ઓડિટ અહેવાલ અને સરકારી હુકમો તથા સન ૧૯૯૧--૯૨ના વર્ષનું અંદાજપત્રક તેમજ આ અહેવાલ અને અંદાજપત્રકને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનું નિવેદન. | ” |
| ૧૩. | ગુજરાત મ્યુનિસિપલ નાણા બોર્ડનો સન ૧૯૮૯-૯૦નો વાર્ષિક વહીવટી અહેવાલ તથા આ અહેવાલને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનું નિવેદન. | ” |
| ૧૪. | ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડનો સન ૧૯૯૦-૯૧નો વાર્ષિક અહેવાલ. | ૧૦--૯--૯૧ |
| ૧૫. | ગુજરાત રાજ્ય ગ્રામ વિકાસ નિગમ લિમિટેડના સન ૧૯૮૯--૯૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો , ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટ જનરલનો અહેવાલ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન. | ૧૧--૯--૯૧ |

| ૧ | ૨ | ૩ |
| --- | --- | --- |
| ૧૬. | ગુજરાત ઘેટાં અને ઉન વિકાસ નિગમ લિમિટેડના સન ૧૯૮૮--૮૯ તથા સન ૧૯૮૯--૯૦ના વાર્ષિક અહેવાલો, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલોને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનું નિવેદન. | ૧૧--૯--૯૧ " |
| ૧૭. | ગુજરાત રાજ્ય વેર હાઉસીંગ કોરપોરેશનનો સન ૧૯૮૯--૯૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ તથા અહેવાલને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનું નિવેદન. | " |
| ૧૮. | ગુજરાત રૂરલ ઈન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોરપોરેશન લિમિટેડનો સન ૧૯૮૭--૮૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો અહેવાલ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનું નિવેદન. | " |
| ૧૯. | ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડનો સન ૧૯૮૯--૯૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો તેમજ આ અહેવાલને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનું નિવેદન. | " |
| ૨૦. | તા. ૨૭--૨--૯૧ના રોજ મા. સભ્યશ્રી અશોક ભટ્ટે ઉપસ્થિત કરેલા અગત્યના મુદ્દા સંબંધમાં, મા. સમાજકલ્યાણ મંત્રીશ્રીએ આપેલ ખાતરીના અનુસંધાને ગાંધીનગરની આદર્શ નિવાસી શાળાના વિદ્યાર્થીની આત્મહત્યાનો તપાસ અહેવાલ. | ૯--૯--૯૧ |
| ૨૧. | જુનાગઢ જિલ્લાના માંગરોળ ગામે તારીખ ૭મી મે, ૧૯૮૯ના રોજ કરાયેલા પોલીસ ગોળીબારની તપાસ માટે નિમાયેલ તપાસ પંચનો અહેવાલ. | ૧૧--૯--૯૧ |
| ૨૨. | ફેબ્રુઆરી, ૧૯૮૫ થી ૧૮મી જુલાઈ, ૧૯૮૫ સુધી ગુજરાત રાજ્યમાં જુદા જુદા સ્થળે થયેલ હિંસા અને અશાંતિના બનાવો અંગે તપાસ પંચનો અહેવાલ. | ૧૧--૯--૯૧ |
| ૨૩. | સન ૧૯૮૫--૮૬ના વર્ષ માટેનો જિલ્લા અને તાલુકા પંચાયતોનો સ્થાનિક ભંડોળ હિસાબોના નિરીક્ષકશ્રીનો ઓડિટ અહેવાલ. | " |

## સત્ર દરમિયાન ખરેખર થયેલા કામ પ્રમાણેની સભાઓની તારીખવાર યાદી

૩૨. સત્ર દરમિયાન જુદા જુદા કામ ખરેખર કઈ તારીખે હાથ પર લેવાયાતે બતાવતી સભાઓની તારીખવાર યાદી પત્રક ક્રમાંક ૧૯માં આપવામાં આવી છે.

## રોજેરોજના કામકાજનો સારાંશ

૩૩. સત્ર દરમિયાન વિધાનસભાએ કરેલા કામકાજનો સારાંશ પત્રક ક્રમાંક ૨૦માં આપવામાં આવેલ છે.

## વિધાનસભાના ચર્ચાઓમાં જુદા જુદા સભ્યોનો ફાળો

૩૪. સત્ર દરમિયાન જુદા જુદા કામમાં સભ્યોએ કેટલી વખત ભાગ લીધો તે પત્રક ક્રમાંક ૨૧માં આપવામાં આવેલ છે.

## સત્ર દરમિયાન જુદા જુદા કામકાજે લીધેલ સમય અને દિવસો

૩૫. સત્ર દરમિયાન જુદા જુદા કામકાજે લીધેલ સમય અને દિવસો પત્રક ક્રમાંક--૨૨માં આપવામાં આવેલ છે.

## વિભાજન

૬. સત્ર દરમિયાન વિભાજનને લગતી માહિતી પત્રક ક્રમાંક ૨૩માં આપવામાં આવેલ છે.

## સભા-ત્યાગ

૩૭. તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૧૯૯૧ના રોજ શ્રી ઉદેસિંહ બારિયાએ પોતે અગાઉ ઉપસ્થિત કરેલા મુદ્દા અંગે આરોગ્ય મંત્રીશ્રી બાબુભાઈ વાસણવાળાએ કરેલ વિધાન અંગે માફી ન માગતા તેનો વિરોધ કરી સભાત્યાગ કર્યો.

## શોકદર્શક ઉલ્લેખ

૩૮. સત્ર દરમિયાન નવ મહાનુભાવોના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ કરવામાં આવ્યા હતા. (જુઓ પત્રક ક્રમાંક: ૨૪)

## વિધાનસભામાં પક્ષવાર માહિતી

૩૯. સત્ર દરમિયાન વિધાનસભાના પક્ષોની પરિસ્થિતિની માહિતી આ સાથેના પત્રકમાં આપવામાં આવી છે. (જુઓ પત્રક ક્રમાંક--૨૫).

## વિધાનસભાની કાર્યવાહી જોવા આવેલા પ્રેક્ષકો

૪૦ સત્ર દરમિયાન નીચે જણાવ્યા મુજબના પ્રેક્ષકો વિધાનસભાની કાર્યવાહી જોવા માટે આવ્યા હતા.

| | |
|---|---|
| (૧) રાજ્યપાલ દીર્ઘામાં આવેલા પ્રેક્ષકો | ૨ |
| (૨) અધ્યક્ષ દીર્ઘામાં આવેલા પ્રેક્ષકો | ૨૭૪૯ |
| (૩) અતિથિવિશેષ દીર્ઘામાં આવેલા પ્રેક્ષકો | ૩૦૬૫ |
| (૪) પ્રેક્ષક દીર્ઘામાં આવેલા પ્રેક્ષકો | ૪૬૪૫ |
| (૫) ૪૦ શૈક્ષણિક તેમજ સામાજિક સંસ્થાઓમાંથી વિધાનસભાની કાર્યવાહી જોવા આવેલા મુલાકાતીઓ. | ૨૭૪૬ |

# પત્રકો

એચબી—૧૧૭૧—૩

## પત્રક ક્રમાંક : ૧

(જુઓ ફકરા ક્રમાંક—૧)

### સત્રમાં થયેલ જુદા જુદા કામકાજે લીધેલ સમય અને તેની ટકાવારી

| દિવસોની સંખ્યા : ૭. | કલાક | મિનિટ |
|---|---|---|
| કુલ કલાક | ૩૨ | ૩૦ |

| | કલાક મિનિટ | ટકાવારી |
|---|---|---|
| ૧. પ્રશ્નોત્તરી | ૬-૦૦ | ૨૦-૦૦ |
| ૨. વિધેયકો | | |
| (અ) સરકારી | ૭-૦૬ | ૨૨-૦૦ |
| (બ) બિન સરકારી | ૧-૫૨ | ૬-૦૦ |
| ૩. અંદાજપત્ર પર ચર્ચા | | |
| ૪. પ્રસ્તાવો | | |
| (અ) સભા મોકૂફીના પ્રસ્તાવો | | |
| (બ) મંત્રી મંડળમાં અવિશ્વાસ વ્યકત કરતા પ્રસ્તાવો | ૫-૪૧ | ૧૭-૦૦ |
| (ક) બીજા પ્રસ્તાવો (સરકારી તેમજ બિન-સરકારી સભ્યોના તેમજ બીજા પ્રસ્તાવો સહિત) | ૩-૫૩ | ૧૨-૦૦ |
| ૫. રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા | | |
| ૬. બિન-સરકારી સંકલ્પો | | |
| ૭. વૈધાનિક મંડળોના કામકાજ પર ચર્ચા | | |
| ૮. વિધાનસભાની સમિતિઓના અહેવાલો અને બીજા અહેવાલો પર ચર્ચા | | |
| ૯. અન્ય બાબતો | ૭-૫૮ | ૨૩-૦૦ |
| | ૩૨-૩૦ | ૧૦૦-૦૦ |

પત્રક ક્રમાંક : ૨

(જુઓ ફકરા ક્રમાંક—૨)

ગૃહની બેઠકોની તારીખ અને સમય

કામકાજના દિવસો—૭. સભાગૃહની બેઠકો—૭.

| વાર | તારીખ | બેઠક શરૂ થયાનો સમય અને પૂરી થયાનો સમય | વિશ્રાંતિ ક. મિ. | બેઠકનો ખરેખર સમય ક. મિ. |
|---|---|---|---|---|
| મંગળવાર | તા. ૩જી સપ્ટેમ્બર, ૧૯૯૧ | ૧૨--૦૦ થી ૧--૩૦ | ... | ૧--૩૦ |
| બુધવાર | તા. ૪થી સપ્ટેમ્બર, ૧૯૯૧ | ૧૨--૦૦ થી ૬--૦૦ | ૧--૧૭ | ૪--૪૩ |
| ગુરુવાર | તા. ૫મી સપ્ટેમ્બર, ૧૯૯૧ | ૧૨--૦૦ થી ૭--૪૭ | ૧--૦૪ | ૬--૪૩ |
| શુક્રવાર | તા. ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૧૯૯૧ | ૮--૩૦ થી ૧--૦૦ | ૦--૩૦ | ૪--૦૦ |
| સોમવાર | તા. ૯મી સપ્ટેમ્બર, ૧૯૯૧ | ૧૨--૦૦ થી ૫--૧૪ | ૦--૪૫ | ૪--૨૯ |
| મંગળવાર | તા. ૧૦મી સપ્ટેમ્બર, ૧૯૯૧ | ૧૨--૦૦ થી ૫--૨૭ | ૦--૪૫ | ૪--૪૨ |
| બુધવાર | તા. ૧૧મી સપ્ટેમ્બર, ૧૯૯૧ | ૮--૩૦ થી ૩--૨૩ | ૦--૩૦ | ૬--૨૩ |
| | | | કુલ : | ૩૨--૨૦ |

પત્રક ક્રમાંક : ૩

(જુઓ ફકરા ક્રમાંક : ૩)

સભ્યોએ વ્યક્તિગત રીતે આપેલ હાજરી દર્શાવતું પત્રક

(માનનીય અધ્યક્ષશ્રી, મુખ્ય મંત્રીશ્રી, મંત્રીશ્રીઓ, વિરોધપક્ષના નેતા, ઉપાધ્યક્ષ, મુખ્ય દંડકશ્રી, સંસદીય સચિવ સિવાય)

| મતદાર વિભાગ ક્રમાંક | સભ્યનું નામ | હાજરી |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧. | શ્રી તારાચંદ જગશીભાઈ છેડા | ૩ |
| ૨. | શ્રી સુરેશચંદ્ર રૂપશંકર મહેતા | ૬ |
| ૩. | શ્રી પુષ્પદાન શંભુદાન ગઢવી | ૭ |
| ૪. | શ્રી પરબત માયા સોધમ | ૭ |
| ૫. | શ્રી નવીનભાઈ શાસ્ત્રી | ૭ |
| ૬. | શ્રી હરિલાલ નાનજી પટેલ | ૬ |
| ૭. | શ્રી ફકીરભાઈ રાઘાભાઈ વાઘેલા | ૭ |
| ૮. | શ્રી રણજીતસિંહ જીતુભા ઝાલા | ૭ |
| ૯. | શ્રી જીતુભા કેસરીસિંહ રાણા | ૭ |
| ૧૦. | શ્રી કરમશીભાઈ કાનજીભાઈ મકવાણા | મંત્રીશ્રી |
| ૧૧. | શ્રી ભગવાનદાસ કાળુભાઈ સોનગરા | ૭ |
| ૧૨. | શ્રી છગનભાઈ ગોગજીભાઈ પટેલ | ૭ |
| ૧૩. | શ્રી બાબુભાઈ જશભાઈ પટેલ | મંત્રીશ્રી |
| ૧૪. | શ્રી કેશુભાઈ સવદાસ પટેલ | વિરોધ પક્ષના નેતાશ્રી |
| ૧૫. | શ્રી અમીચલભાઈ બાદી | ૭ |
| ૧૬. | શ્રી ભીખાલાલ ભીમજીભાઈ બાંભણીયા | ૭ |
| ૧૭. | શ્રી મનોહરસિંહજી જાડેજા | ૭ |
| ૧૮. | શ્રી વજુભાઈ વાળા | ૭ |
| ૧૯. | શ્રી માધુભાઈ હમીરભાઈ બાબરીયા | ૭ |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૨૦. | શ્રી મહિપતભાઈ ભાવુભા જાડેજા | ૬ |
| ૨૧. | શ્રી સવજી જીવરાજ કોરાટ | ૭ |
| ૨૨. | શ્રી વિઠ્ઠલભાઈ હંસરાજભાઈ રાદડીયા | ૬ |
| ૨૩. | શ્રી નારણભાઈ પ્રેમજીભાઈ કાલાવડીયા | સંસદીય સચિવ |
| ૨૪. | શ્રી મગનભાઈ આંબાભાઈ કાસુન્દ્રા | ૭ |
| ૨૫. | શ્રી પરમાનંદ વિશનદાસ ખટ્ટર | ૭ |
| ૨૬. | શ્રી ડો. દિનેશભાઈ પરમાર | મંત્રીશ્રી |
| ૨૭. | શ્રી રાઘવજી હંસરાજ પટેલ | ૬ |
| ૨૮. | શ્રી મોહનલાલ કરમશીભાઈ વાછાણી | ૭ |
| ૨૯. | શ્રી હરિદાસ જીવણદાસ લાલ | મંત્રીશ્રી |
| ૩૦. | ડો. રણમલ નાથાભાઈ વારોતરીયા | ૭ |
| ૩૧. | શ્રી પબુભા વિરમભા માણેક | ૬ |
| ૩૨. | શ્રી શશીકાંત આણંદલાલ લાખાણી | મંત્રીશ્રી |
| ૩૩. | શ્રીમતી સંતોકબેન સરમણ જાડેજા | ૭ |
| ૩૪. | શ્રીમતી ચંદ્રિકાબેન કાનજીભાઈ ચુડાસમા | ૭ |
| ૩૫. | શ્રી જવાહર પેથલજી ચાવડા | ૭ |
| ૩૬. | શ્રી હમીરભાઈ હાદાભાઈ ધુળા | ૭ |
| ૩૭. | શ્રી જેઠાલાલ રાણાભાઈ જોરા | ૭ |
| ૩૮. | શ્રી જશુભાઈ ધાનાભાઈ બારડ | મંત્રીશ્રી |
| ૩૯. | શ્રી પુંજાભાઈ ભીમાભાઈ વંશ | ૫ |
| ૪૦. | શ્રી કુરજી ડુંગર ભેંસાણીયા | સંસદીય સચિવ |
| ૪૧. | શ્રી દેવાણંદ સામતભાઈ સોલંકી | ૭ |
| ૪૨. | શ્રી મહેન્દ્ર લીલાધર મશરૂ | ૭ |
| ૪૩. | શ્રી વીરજીભાઈ કેશવભાઈ ઠુમર | ૭ |
| ૪૪. | શ્રી ઠાકરશીભાઈ કાનજીભાઈ મેતલીયા | ૭ |
| ૪૫. | ખાલી | ... |
| ૪૬ | વજુભાઈ ગીરધરભાઈ ધાનક | ૭ |
| ૪૭. | શ્રી ધીરસિંહ કરશનભાઈ બારડ | ૭ |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૪૮. | શ્રી મધુભાઈ હરજીભાઈ ભુવા | મંત્રીશ્રી |
| ૪૯. | શ્રી દલસુખભાઈ જેરામભાઈ ગોધાણી | મંત્રીશ્રી |
| ૫૦. | શ્રી મગનલાલ હીરાભાઈ રાણવા | ૭ |
| ૫૧. | શ્રી પ્રવિણસિંહજી જાડેજા | ૭ |
| ૫૨. | શ્રી નાનુભાઈ વિઠ્ઠલભાઈ વાઘાણી | ૭ |
| ૫૩. | શ્રી લલ્લુભાઈ શેઠ | ૭ |
| ૫૪. | શ્રી છબીલદાસ મહેતા | મંત્રીશ્રી |
| ૫૫. | શ્રી નટુ ડાભા | ૭ |
| ૫૬. | શ્રી નાનાભાઈ રેયલા | ૭ |
| ૫૭. | શ્રી મહેન્દ્ર ત્રિવેદી | ૭ |
| ૫૮. | શ્રી શક્તિસિંહજી હરિશચંદ્રસિંહજી ગોહિલ | ૭ |
| ૫૯. | શ્રી દિલીપભાઈ રમણલાલ પરીખ | ૬ |
| ૬૦. | શ્રી ભૂપેન્દ્રસિંહ મનુભા ચુડાસમા | ૭ |
| ૬૧. | શ્રી ધુળાભાઈ દલાભાઈ ગોહિલ | ૭ |
| ૬૨. | શ્રી જોરૂભા જેઠુભા ચૌહાણ | ૭ |
| ૬૩. | શ્રી હરદતસિંહ ઝીલુભા જાડેજા | ૭ |
| ૬૪. | શ્રી હરિચંદ્ર લવજીભાઈ પટેલ | ૭ |
| ૬૫. | શ્રી માધુભાઈ સોમાજી ઠાકોર | ૭ |
| ૬૬. | શ્રી વિઠ્ઠલભાઈ સી. શાહ | ૭ |
| ૬૭. | શ્રી નરહરી અમીન | મંત્રીશ્રી |
| ૬૮. | શ્રી બાબુભાઈ વાસણવાળા | મંત્રીશ્રી |
| ૬૯. | શ્રી ભરત બારોટ | ૭ |
| ૭૦. | શ્રી કૌશિકભાઈ જમનાદાસ પટેલ | ૭ |
| ૭૧. | શ્રી ભૂપેન્દ્રકુમાર સેવકરામ પટણી | ૭ |
| ૭૨. | શ્રી વિઠ્ઠલભાઈ શંકરલાલ પટેલ | ૬ |
| ૭૩. | શ્રી કનુભાઈ ભગવાનભાઈ કોઠીયા | ૭ |
| ૭૪. | શ્રી મનુભાઈ પરમાર | ઉપાધ્યક્ષ |
| ૭૫. | શ્રી અશોક ભટ્ટ | ૭ |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૭૬. | ડૉ. સિરાજુદ્દીન કાઝી | ૭ |
| ૭૭. | શ્રી કમલેશભાઈ ગોવિંદભાઈ પટેલ | ૨ |
| ૭૮. | શ્રી ગોપાલદાસ ભોજવાણી | ૭ |
| ૭૯. | શ્રી પોપટલાલ વી. પટેલ | ૭ |
| ૮૦. | શ્રી વિઠ્ઠલભાઈ સોમાભાઈ પટેલ | ૭ |
| ૮૧. | શ્રી નીતિનકુમાર રતીલાલ પટેલ | ૭ |
| ૮૨. | શ્રી કાન્તિલાલ ભલાભાઈ સોલંકી | ૭ |
| ૮૩. | શ્રી ખોડાભાઈ એન. પટેલ | ૭ |
| ૮૪. | શ્રી ઈશ્વરસિંહ શિવાજી ચાવડા | ૭, |
| ૮૫. | શ્રી નરેશકુમાર ગંગારામ રાવલ | ૭ |
| ૮૬. | શ્રી ભોળાભાઈ ચતુરભાઈ પટેલ | ૭ |
| ૮૭. | શ્રી શંકરજી ઓખાજી ઠાકોર | મંત્રીશ્રી |
| ૮૮. | શ્રી ચીમનભાઈ જીવાભાઈ પટેલ | મુખ્ય મંત્રીશ્રી |
| ૮૯. | શ્રી જયનારાયણ વ્યાસ | ૭ |
| ૯૦. | શ્રી ચમનજી દાનસંગજી ઠાકોર | ૭ |
| ૯૧. | શ્રી અરવિંદકુમાર ત્રિભોવનદાસ પટેલ | ૬ |
| ૯૨. | શ્રી ગાંડાજી ચેલાજી ઠાકોર | ૭ |
| ૯૩. | શ્રી દિલીપ વિરાજી ઠાકોર | ૭ |
| ૯૪. | શ્રી હિંમતલાલ ટી. મુલાણી | અધ્યક્ષશ્રી |
| ૯૫. | શ્રી માવજીભાઈ ચતુરભાઈ પટેલ | ૭ |
| ૯૬. | શ્રી ભીમાભાઈ રામસીંગભાઈ પટેલ | ૭ |
| ૯૭. | શ્રી ધારશીભાઈ લખાભાઈ ખાનપુરા | ૭ |
| ૯૮. | શ્રી લીલાધરભાઈ ખોડાજી વાઘેલા | મંત્રીશ્રી |
| ૯૯. | શ્રી હરજીવનભાઈ હીરાભાઈ પટેલ | ૭ |
| ૧૦૦. | શ્રી લેખરાજ હેમરાજ બચાણી | ૭ |
| ૧૦૧. | શ્રી મુકુલ જીવરામભાઈ પરમાર | ૭ |
| ૧૦૨. | શ્રી કાંતીભાઈ ધરમદાસ કચોરીઆ | ૭ |
| ૧૦૩. | શ્રી બેચરભાઈ ખાતુજી બારા | ૭ |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૧૦૪. | ડૉ. કરસનદાસ સોનેરી | મંત્રીશ્રી |
| ૧૦૫. | શ્રી ઉપેન્દ્ર ત્રિવેદી | ૭ |
| ૧૦૬. | શ્રી ભગવાનદાસ હરિભાઈ પટેલ | દંડકશ્રી |
| ૧૦૭. | શ્રી વિરેન્દ્રસિંહ દિલિપસિંહ ઝાલા | ૭ |
| ૧૦૮. | શ્રી હરિભાઈ છગનભાઈ પટેલ | ૭ |
| ૧૦૯. | શ્રી ચંદ્રભાણુસિંહજી મૂળસિંહજી સોલંકી | ૭ |
| ૧૧૦. | શ્રી હિરાજી વાલાજી ડામોર | ૫ |
| ૧૧૧. | શ્રી પ્રબોધકાન્ત દામોદરદાસ પંડયા | મંત્રીશ્રી |
| ૧૧૨. | શ્રી વીરજીભાઈ લીંબાભાઈ મુનિયા | ૭ |
| ૧૧૩. | શ્રી બચુભાઈ નાથાભાઈ કિશોરી | ૭ |
| ૧૧૪. | શ્રી તેરસિંહભાઈ બદીયાભાઈ ડામોર | ૭ |
| ૧૧૫. | શ્રી નગરસિંહ ગુલાબસિંહ પસાયા | ૭ |
| ૧૧૬. | શ્રી ઉર્વશી દેવી | ૭ |
| ૧૧૭. | શ્રી લક્ષ્મણસિંહ મોતીસિંહ પરમાર | ૭ |
| ૧૧૮. | શ્રી ઉદેસિંહ મોહનભાઈ બારીઆ | ૭ |
| ૧૧૯. | શ્રી ગબાભાઈ સોમાભાઈ ચૌહાણ | ૭ |
| ૧૨૦. | ખાલી | .. |
| ૧૨૧. | શ્રી જશવંતસિંહ મનસુખભાઈ પરમાર | ૭ |
| ૧૨૨. | શ્રી ધિરેન્દ્રસિંહ વીરભદ્રસિંહ સોલંકી | ૭ |
| ૧૨૩. | શ્રી બીજલભાઈ વાલાભાઈ ડામોર | ૭ |
| ૧૨૪. | શ્રી માનસિંહ કોયાભાઈ ચૌહાણ | ૭ |
| ૧૨૫. | શ્રી રતનસિંહ અદેસિંહ રાઠોડ | ૭ |
| ૧૨૬. | શ્રી રામસિંહ પ્રભાતભાઈ પરમાર | મંત્રીશ્રી |
| ૧૨૭. | શ્રી સુભાષચંદ્ર સોમેશ્વર શેલત | ૭ |
| ૧૨૮. | શ્રી દિલીપસિંહ જુવાનસિંહ ઠાકોર | ૬ |
| ૧૨૯. | શ્રી સુંદરસિંહ ભલાભાઈ ચૌહાણ | ૭ |
| ૧૩૦. | શ્રી નટવરસિંહ ફુલસિંહ ઠાકોર | ૭ |
| ૧૩૧. | શ્રી દિનશા ઝવેરભાઈ પટેલ | મંત્રીશ્રી |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૧૩૨. | શ્રી શંકરભાઈ દેસાઈભાઈ વાઘેલા | ૭ |
| ૧૩૩. | શ્રી ઘનશ્યામભાઈ રાવજીભાઈ પટેલ | ૭ |
| ૧૩૪. | શ્રી જ્યંતભાઈ રમણભાઈ પટેલ | ૭ |
| ૧૩૫. | શ્રી નિરંજન પરસોત્તમદાસ પટેલ | ૭ |
| ૧૩૬. | શ્રી જનાર્દનભાઈ મધુસુદનભાઈ પરમાર | ૭ |
| ૧૩૭. | શ્રી ધીરૂભાઈ અમરસિંહ ચાવડા | ૬ |
| ૧૩૮. | શ્રી ઉમેદભાઈ ફત્તેસિંહ ગોહિલ | ૭ |
| ૧૩૯. | શ્રી ધીરસિંહ છત્રસિંહ પરમાર | ૧ |
| ૧૪૦. | શ્રી જ્યેન્દ્રકુમાર ભગવાનદાસ ખત્રી | ૭ |
| ૧૪૧. | શ્રી સુખરામભાઈ હરિયાભાઈ રાઠવા | ૭ |
| ૧૪૨. | શ્રી મોહનસિંહ રાઠવા | મંત્રીશ્રી |
| ૧૪૩. | શ્રી કનુભાઈ જીવરામભાઈ વસાવા | ૭ |
| ૧૪૪. | શ્રી બાબરભાઈ અંબાલાલ તડવી | ૭ |
| ૧૪૫. | શ્રી ઉમાકાન્ત જોષી | ૭ |
| ૧૪૬. | શ્રી ખુમાનસિંહ રાયસિંહ ચૌહાણ | સંસદીય સચિવ |
| ૧૪૭. | શ્રી નલીન ભટ્ટ | ૪ |
| ૧૪૮. | | ... |
| ૧૪૯. | શ્રી યોગેશ પટેલ | ૬ |
| ૧૫૦. | શ્રી પ્રદિપ જયસ્વાલ | ૭ |
| ૧૫૧. | શ્રી મંગળસિંહ શંકરભાઈ ગોહિલ | ૭ |
| ૧૫૨. | શ્રી નરેન્દ્રભાઈ મહિજીભાઈ પટેલ | ૭ |
| ૧૫૩. | શ્રી ચંદુભાઈ મોતીભાઈ ડાભી | ૭ |
| ૧૫૪. | શ્રી પુંજાભાઈ બાધરભાઈ મોરી | ૭ |
| ૧૫૫. | શ્રી મગનભાઈ ભૂ. સોલંકી | ૪ |
| ૧૫૬. | શ્રી બીપીનચંદ્ર ઈશ્વરલાલ શાહ | ૭ |
| ૧૫૭. | શ્રી ઠાકોરભાઈ ગુમાનભાઈ પટેલ | ૭ |
| ૧૫૮. | શ્રી છોટુભાઈ અમરસંગભાઈ વસાવા | ૧ |
| ૧૫૯. | શ્રી મોતીલાલ પુનીયાભાઈ વસાવા | ૭ |

| ૩ | ૨ | ૧ |
|---|---|---|
| ૧૬૦. | શ્રી ધનજીભાઈ છોટાભાઈ આર્ય. | સંસદીય સચિવ |
| ૧૬૧. | શ્રી ગોવિંદભાઈ બારકીયાભાઈ વસાવા | ૭ |
| ૧૬૨. | શ્રી કુંવરજીભાઈ સોનજીભાઈ વસાવા | ૭ |
| ૧૬૩. | શ્રી નાગરભાઈ દિવેલીયાભાઈ વસાવા | સંસદીય સચિવ |
| ૧૬૪. | શ્રી અમરસિંહ ઝીણાભાઈ ચૌધરી | ૬ |
| ૧૬૫. | શ્રી માનસિંહભાઈ કલ્યાણજીભાઈ પટેલ | ૭ |
| ૧૬૬. | શ્રી પ્રવીણભાઈ છગનભાઈ રાઠોડ | ૭ |
| ૧૬૭. | શ્રી ડાહીબેન રામભાઈ રાઠોડ | ૬ |
| ૧૬૮. | શ્રી ભગુભાઈ ગુમાનભાઈ પટેલ | ૬ |
| ૧૬૯. | ડૉ. કનુભાઈ માવાણી | ૭ |
| ૧૭૦. | શ્રી મદનલાલ કે. મોહનલાલ કાપડીયા | ૭ |
| ૧૭૧. | શ્રી હેમંતભાઈ ચપટવાલા | ૭ |
| ૧૭૨. | શ્રી મનુભાઈ ડાહયાભાઈ પટેલ | ૧ |
| ૧૭૩. | શ્રી છગનભાઈ દેવાભાઈ પટેલ | ૭ |
| ૧૭૪. | શ્રી મંગુભાઈ છગનભાઈ પટેલ | ૭ |
| ૧૭૫. | શ્રી ઠાકોરભાઈ વલ્લભભાઈ નાયક | મંત્રીશ્રી |
| ૧૭૬. | શ્રી કાનજીભાઈ મગનભાઈ પટેલ | ૭ |
| ૧૭૭. | શ્રી માધુભાઈ જેલ્યાભાઈ ભોય | ૭ |
| ૧૭૮. | શ્રી દોલતરાય નાથુભાઈ દેસાઈ | ૭ |
| ૧૭૯. | શ્રી મણીભાઈ રામજીભાઈ ચોધરી | ૭ |
| ૧૮૦. | શ્રી બરજુલભાઈ નવલાભાઈ પટેલ | ૭ |
| ૧૮૧. | શ્રી રમણભાઈ દેવાભાઈ પટેલ | ૨ |
| ૧૮૨. | શ્રી છોટુભાઈ વેસ્તાભાઈ પટેલ | ૭ |

### પત્રક ક્રમાંક : ૪

(જુઓ ફકરા ક્રમાંક ૧૩)

### સભ્યોની તારીખવાર હાજરી દર્શાવતું પત્રક

(માનનીય અધ્યક્ષશ્રી, ઉપાધ્યક્ષશ્રી, મંત્રીશ્રીઓ, વિરોધપક્ષના નેતાશ્રી, સંસદીય સચિવશ્રીઓ, અને સરકારના મુખ્ય દંડકશ્રી સિવાય)

| ક્રમાંક | બેઠકની તારીખ | હાજરી | ગેરહાજરી | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | ૩–૯–૯૧ | ૧૪૨ | ૮ | ૧૫૦ |
| ૨. | ૪–૯–૯૧ | ૧૪૩ | ૭ | ૧૫૦ |
| ૩. | ૫–૯–૯૧ | ૧૪૪ | ૬ | ૧૫૦ |
| ૪. | ૬–૯–૯૧ | ૧૪૦ | ૧૦ | ૧૫૦ |
| ૫. | ૯–૯–૯૧ | ૧૩૮ | ૧૨ | ૧૫૦ |
| ૬. | ૧૦–૯–૯૧ | ૧૪૪ | ૬ | ૧૫૦ |
| ૭. | ૧૧–૯–૯૧ | ૧૪૨ | ૮ | ૧૫૦ |

પત્રક

(જુઓ ફકરા

ટૂંકી મુદતના, તારાંકિત અને અતારાંકિત

| પ્રશ્નનો પ્રકાર | મળેલ સૂચનાઓ | દાખલ કર્યા | દાખલ ન કર્યા | તારાંકિતમાંથી અતારાંકિત તરીકે દાખલ કરેલ પ્રશ્નો. | સભ્યશ્રીએ પ્રશ્નો પાછા ખેંચી લીધા |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ટૂંકી મુદત | ૨૭ | ૭ | ૨૦ | ... | ... |
| તારાંકિત | ૧૩૦૮* | ૬૪ | ૬૫૫ | ૧૦ | ૨* |
| અતારાંકિત | ૫૦૮ | ૧૯૫ | ૩૧૩ | ૧૦ | ... |

ક્રમાંક : ૫

ક્રમાંક—૪.)

પ્રશ્નોનો નિકાલ (આંકડામાં)

| અગાઉના સત્ર દરમિયાન દાખલ કરેલ પરંતુ જવાબ ન આવવાથી ગૃહમાં રજૂ ન થઈ શકેલ અતારાંકિત પ્રશ્નો | ગૃહમાં જવાબ આપ્યા | ટૂંકી મુદતે જવાબો આપવા મંત્રીશ્રી અસંમત થતા રદ થયા | સમયના અભાવે પ્રશ્નો ચર્ચાયા નહીં. | નિયમ-૮૭-ક અન્વયે સભાગૃહના મેજ ઉપર મૂક્યા | સત્ર સમાપ્તિના દિવસે જવાબ ન આપવાથી ગૃહમાં રજૂ ન થઈ શકેલા અતારાંકિત પ્રશ્નો. |
|---|---|---|---|---|---|
| ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ... | ૭ | ... | ... | ... | ... |
| ... | ६४१ | ... | ... | ... | ... |
| ६७ | ૨૦૦ | ... | ... | ૪૩ | ૨૯ |

* ૨ તારાંકિત પ્રશ્નો માનનીય સભ્યશ્રીઓએ પાછા ખેંચ્યા હતા.

પત્રક

(જુઓ ફકરા

ટૂંકી મુદતના પ્રશ્નોની

| અ. નં. | વિભાગનું નામ | મળેલ સૂચનાઓ | દાખલ કર્યા | ટૂંકી મુદતમાંથી તારાંકિત તરીકે દાખલ કર્યા. | ટૂંકી મુદતમાંથી અતારાંકિત તરીકે દાખલ કર્યા. |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧. | સામાન્ય વહીવટ વિભાગ | ૧ | ... | ... | ... |
| ૨. | કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ | ૩ | ૨ | ... | ... |
| ૩. | શિક્ષણ વિભાગ | ... | ... | ... | ... |
| ૪. | નાણા વિભાગ | ... | ... | ... | ... |
| ૫. | અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ | ૨ | ૧ | ... | ... |
| ૬. | વન અને પર્યાવરણ વિભાગ | ... | ... | ... | ... |
| ૭. | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૪ | ૧ | ... | ... |
| ૮. | ગૃહ વિભાગ | ૯ | ૧ | ... | ... |
| ૯ | ઉદ્યોગ ખાણ અને ઉર્જા વિભાગ | | | | |
| ૧૦. | માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ | ... | ... | ... | ... |
| ૧૧. | શ્રમ અને રોજગાર વિભાગ | ૧ | ... | ... | ... |

ક્રમાંક : ૬

ક્રમાંક : ૪)

વિભાગવાર માહિતી (આંકડામાં)

| દાખલ ન કર્યા | મુદત બહાર ની સૂચના | મંત્રીશ્રી સંમત | મંત્રીશ્રી અસંમત | સત્ર વહેલું સમાપ્ત થતાં પ્રશ્નો રદ થયા. | ગૃહમાં રજૂ થયા |
|---|---|---|---|---|---|
| ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧ | ... | ... | ... | ... | ... |
| ૧ | ... | ... | ... | ... | ૨ |
| ... | ... | ... | ... | ... | ... |
| ... | ... | ... | ... | ... | ... |
| ૧ | ... | ... | ... | ... | ૧ |
| ... | ... | ... | ... | ... | ... |
| ૩ | ... | ... | ... | ... | ૧ |
| ૮ | ... | ... | ... | ... | ૧ |
| ... | ... | ... | ... | ... | ... |
| ૧ | ... | ... | ... | ... | ... |

૧

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
|---|---|---|---|---|---|
| ૧૨. | કાયદા વિભાગ | ... | ... | ... | ... |
| ૧૩. | નર્મદા અને જળસંપત્તિ વિભાગ | ૧ | ૧ | ... | ... |
| ૧૪. | પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ | ... | ... | ... | ... |
| ૧૫. | મહેસૂલ વિભાગ | ૧ | ... | ... | ... |
| ૧૬. | માર્ગ અને મકાન વિભાગ | ૨ | ૧ | ... | ... |
| ૧૭. | સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ | ૨ | ... | ... | ... |
| ૧૮. | શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ | ૧ | ... | ... | ... |
| ૧૯. | યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ | ... | ... | ... | ... |
| | કુલ ... ... | ૨૭ | ૭ | ... | ... |

| ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
|---|---|---|---|---|---|
| ... | ... | ... | ... | ... | ... |
| ... | ... | ... | ... | ... | ... |
| ... | ... | ... | ... | ... | ... |
| ૧ | ... | ... | ... | ... | ૧ |
| ૧ | ... | ... | ... | ... | ... |
| ૧ | ... | ... | ... | ... | ... |
| ૨ | ... | ... | ... | ... | ૧ |
| ૧ | ... | ... | ... | ... | ... |
| ૨૦ | ... | ... | ... | — | ૭ |

પત્રક

(જુઓ ફકરા

તારાંકિત પ્રશ્નોની વિભાગવાર

| અનુ. નં. | વિભાગ | મળેલ સૂચનાઓ | તારાંકિત દાખલ | ટૂંકી મુદતમાંથી તારાંકિત તરીકે દાખલ કર્યા | તારાંકિતમાંથી અતારાંકિત તરીકે દાખલ કર્યા |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧. | સામાન્ય વહીવટ | ૮૧ | ૪૪ | — | — |
| ૨. | કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ | ૯૯ | ૪૫ | — | — |
| ૩. | શિક્ષણ | ૧૨૫ | ૬૧ | — | ૧ |
| ૪. | નાણા | ૧૩ | ૭ | — | — |
| ૫. | અન્ન અને નાગરિક પુરવઠા | ૪૭ | ૨૨ | — | ૧ |
| ૬. | વન અને પર્યાવરણ | ૨૪ | ૧૪ | — | — |
| ૭. | આરોગ્ય અને પરિવાર કલ્યાણ | ૨૧૭ | ૧૦૬ | — | — |
| ૮. | ગૃહ | ૧૬૫ | ૮૩ | — | ૩ |
| ૯. | ઉદ્યોગ, ખાણ અને ઉર્જા | ૫૦ | ૨૪ | — | — |
| ૧૦. | માહિતી, પ્રસારણ અને પ્રવાસન | ૨ | ૧ | — | — |
| ૧૧. | શ્રમ અને રોજગાર | ૨૯ | ૧૩ | — | ૧ |
| ૧૨. | કાયદા | ૪૮ | ૨૫ | — | — |
| ૧૩. | નર્મદા અને જળસંપત્તિ | ૮૦ | ૩૮ | — | ૧ |

ક્રમાંક : ૭

ક્રમાંક (૪)

માહિતી (આંકડામાં)

| દાખલ ન કર્યા | મુદત બહારની સૂચના | ગૃહમાં જવાબ આપ્યા | સભ્યશ્રીઓએ પ્રશ્નો પાછા ખેંચી લીધા | સત્ર વહેલું સમાપ્ત થતાં પ્રશ્નો રદ થયાં | સભ્યશ્રીઓ મંત્રીશ્રી બનતા પ્રશ્નો રદ થયાં |
|---|---|---|---|---|---|
| ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૩૬ | — | ૪૪ | ૧ | — | — |
| ૫૪ | — | ૪૫ | — | — | — |
| ૬૩ | — | ૬૧ | — | — | — |
| ૬ | — | ૭ | — | — | — |
| ૨૪ | — | ૨૨ | — | — | — |
| ૧૦ | — | ૧૪ | — | — | — |
| ૧૧૧ | — | ૧૦૬ | — | — | — |
| ૭૯ | — | ૮૩ | — | — | — |
| ૨૬ | — | ૨૪ | — | — | — |
| ૧ | — | ૧ | — | — | — |
| ૧૫ | — | ૧૩ | — | — | — |
| ૨૩ | — | ૨૫ | — | — | — |
| ૪૦ | — | ૩૮ | ૧ | — | — |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
|---|---|---|---|---|---|
| ૧૪. | પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ | ૩૧ | ૧૪ | — | ૧ |
| ૧૫. | મહેસૂલ | ૭૨ | ૩૫ | — | ૧ |
| ૧૬. | માર્ગ અને મકાન | ૧૨૩ | ૫૯ | — | — |
| ૧૭. | સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ | ૬૩ | ૩૦ | — | ૧ |
| ૧૮. | શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ | ૩૬ | ૧૮ | — | — |
| ૧૯. | યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ | ૩ | ૨ | — | — |
| | કુલ | ૧૩૦૮ | ૬૪૧ | — | ૧૦ |

| ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
|---|---|---|---|---|---|
| ૧૬ | — | ૧૪ | — | — | — |
| ૩૬ | — | ૩૫ | — | — | — |
| ૬૪ | — | ૫૯ | — | — | — |
| ૩૨ | — | ૩૦ | — | — | — |
| ૧૮ | — | ૧૮ | — | — | — |
| ૧ | — | ૨ | — | — | — |
| ૬૫૫ | — | ૬૪૧ | ૨** | — | — |

** ૨ સૂચનાઓ માન. સભ્યશ્રીઓએ પાછી ખેંચી લીધી હતી.

પત્રક

(જુઓ ફકરા

અતારાંકિત પ્રશ્નોની

| અ. નં. | વિભાગનું નામ | મળેલ સૂચનાઓ | દાખલ કર્યા | તારાંકિતમાંથી અતારાંકિત કર્યા. |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | સામાન્ય વહીવટ વિભાગ | ૧૪ | ૬ | — |
| ૨. | કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ | ૪૭ | ૨૪ | — |
| ૩. | શિક્ષણ વિભાગ | ૨૯ | ૧૧ | ૧ |
| ૪. | નાણા વિભાગ | ૭ | ૧ | — |
| ૫. | અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ | ૨૨ | ૭ | ૧ |
| ૬. | વન અને પર્યાવરણ વિભાગ | ૨૭ | ૧૧ | — |
| ૭. | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૪૭ | ૧૫ | — |
| ૮. | ગૃહ વિભાગ | ૬૫ | ૨૮ | ૩ |
| ૯. | ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગ | ૩૪ | ૪ | — |
| ૧૦. | માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ | ૩ | — | — |
| ૧૧. | શ્રમ અને રોજગાર વિભાગ | ૩ | ૧ | ૧ |

ક્રમાંક : ૮

ક્રમાંક ૪)

**વિભાગવાર માહિતી (આંકડામાં)**

| ટૂંકી મુદતમાંથી અતારાંકિત કર્યા | અગાઉના સત્ર દરમિયાન દાખલ કરેલ પરંતુ ગયા સત્રમાં જવાબ ન આવવાથી રજૂ ન થયેલા. | દાખલ ન કર્યા | ગૃહમાં જવાબ આપ્યા | નિયમ-૮૭-ક અન્વયે મેજ ઉપર મુકયા | સત્ર સમાપ્તિ તા દિવસે બાકી જવાબોની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| — | — | ૮ | ૫ | ૧ | — |
| — | ૪ | ૨૩ | ૨૪ | ૩ | ૧ |
| — | ૬ | ૧૮ | [illegible] | | ૨ |
| — | ૬ | ૬ | ૩ | — | ૪ |
| — | — | ૧૫ | ૮ | — | — |
| — | — | ૧૬ | ૮ | ૩ | — |
| | ૫ | ૩૨ | ૧૩ | ૪ | ૩ |
| — | ૧૦ | ૩૭ | ૩૨ | [illegible] | ૬ |
| — | ૧૦ | ૩૦ | ૧૧ | ૨ | ૧ |
| — | — | ૩ | — | — | — |
| — | ૧ | ૨ | ૨ | — | |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| ૧૨. | કાયદા વિભાગ | ૭ | ૩ | |
| ૧૩. | નર્મદા અને જળસંપતિ વિભાગ | ૪૯ | ૧૫ | ૧ |
| ૧૪. | પંચાયત અને ગ્રામ ગૃહ-નિર્માણ વિભાગ | ૧૪ | ૨ | ૧ |
| ૧૫. | મહેસુલ વિભાગ | ૨૮ | ૧૪ | ૧ |
| ૧૬. | માર્ગ અને મકાન વિભાગ | ૯૩ | ૪૬ | — |
| ૧૭. | સમાજકલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ | ૧૫ | ૬ | ૧ |
| ૧૮. | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | ૨ | — | — |
| ૧૯. | યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ | ૨ | ૧ | — |
| | કુલ... | ૫૦૮ | ૧૯૫ | ૧૦ |

| ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
|---|---|---|---|---|---|
| — | ૩ | ૪ | ૫ | ૧ | — |
| — | ૮ | ૩૪ | ૧૯ | — | ૫ |
| — | ૬ | ૧૨ | ૫ | ૪ | — |
| — | — | ૧૪ | ૧૨ | ૧ | ૨ |
| — | — | ૪૭ | ૩૨ | ૧૪ | — |
| — | ૭ | ૯ | ૯ | ૩ | ૨ |
| — | ૧ | ૨ | — | — | ૧ |
| — | — | ૧ | — | — | ૧ |
| — | ૬૭ | ૩૧૩ | ૨૦૦ | ૪૩ | ૨૯ |

પત્રક

(જુઓ ફકરા

જુદા જુદા મંત્રીશ્રીઓના દાખલ થયેલા અને ગૃહમાં

જુથ—૧

| તારીખ | કુલ દાખલ થયેલા તારાંકિત પ્રશ્નો | ગૃહમાં મૌખિક જવાબ આપેલ કુલ તારાંકિત પ્રશ્નો | મુખ્યમંત્રીશ્રી સામાન્ય વહીવટ, આયોજન, ઔદ્યોગિક નીતિ, ગૃહ, માહિતી પ્રસારણ, પ્રવાસન અને ઉર્જા. દાખલ | મૌખિક જવાબ |
|---|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. |
| તા. ૩–૯–૯૧ | ૮૧ | ... | ૭૧ | ... |
| તા. ૧૦–૯–૯૧ | ૯૨ | ૯ | ૭૧ | ૯ |
| કુલ :- | ૧૭૩ | ૯ | ૧૪૨ | ૯ |

* જળસંપત્તિ મંત્રીશ્રીને એક પ્રશ્નનો જવાબ આપવાની તા. ૩–૯–૯૧ના રોજ

ક્રમાંક : ૯

ક્રમાંક -૪)

મૌખિક જવાબ અપાયેલા તારાંકિત પ્રશ્નોની તારીખવાર માહિતી.

| શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને રમત ગમત મંત્રીશ્રી | | નશાબંધી અને આબકારી, નાની સિંચાઈ મંત્રીશ્રી | | જળ સંપત્તિ મંત્રીશ્રી | |
|---|---|---|---|---|---|
| દાખલ | મૌખિક જવાબ | દાખલ | મૌખિક જવાબ | દાખલ | મૌખિક જવાબ |
| ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૬ | .. | ૩ | .. | ૧ | .. |
| ૧૪ | .. | ૭ | . | . | . |
| ૨૦ | . | ૧૦ | . | *૧ | . |

ફરજ પાડવામાં આવી હતી.

જુઓ-૨

| તારીખ | કુલ દાખલ થયેલ તારાંકિત પ્રશ્નો | ગૃહમાં મૌખિક જવાબ આપેલ કુલ તારાંકિત પ્રશ્નો | આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને કુટીર ઉદ્યોગ મંત્રીશ્રી. | |
|---|---|---|---|---|
| | | | દાખલ | મૌખિક જવાબ |
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. |
| તા. ૪-૯-૯૧ | ૯૭ | ૭ | ૪૫ | ૪ |
| તા. ૧૧-૯-૯૧ | ૯૧ | ૭ | ૩૮ | ૪ |
| કુલ :- | ૧૮૮ | ૧૪ | ૮૩ | ૮ |

| કૃષિ, સહકાર, ગ્રામ વિકાસ, પશુપાલન સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના કલ્યાણ મંત્રીશ્રી | | શિક્ષણ (ટેકનીકલ શિક્ષણ સહિત) મંત્રીશ્રી | |
|---|---|---|---|
| દાખલ | મૌખિક જવાબ | દાખલ | મૌખિક જવાબ |
| ૬ | ૭ | ૮ | ૯ |
| ૨૩ | ૧ | ૨૯ | ૨ |
| ૨૧ | ૧ | ૩૨ | ૨ |
| ૪૪ | ૨ | ૬૧ | ૪ |

જુથ—૩

| તારીખ | કુલ દાખલ થયેલ તારાંકિત પ્રશ્નો. | ગૃહમાં મૌખિક જવાબ આપેલ કુલ તારાંકિત પ્રશ્નો. | નાણાં અને જળસંપત્તિ મંત્રીશ્રી (નાની સિંચાઈ સિવાય) | |
|---|---|---|---|---|
| | | | દાખલ | મૌખિક જવાબ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| તા. ૫-૯-૯૧ | ૬૮ | ૧૩ | ૨૬ | ૬ |
| કુલ :- | ૬૮ | ૧૩ | ૨૬ | ૬ |

| ઉદ્યોગ, કાયદો અને ન્યાયતંત્ર મંત્રીશ્રી. | | નર્મદા વિકાસ મંત્રીશ્રી | |
|---|---|---|---|
| દાખલ | મૌખિક જવાબ | દાખલ | મૌખિક જવાબ |
| ૬ | ૭ | ૮ | ૯ |
| ૪૪ | ૫ | ૮ | ૨ |
| ૪૪ | ૫ | ૮ | ૨ |

જુથ-૪

| તારીખ | કુલ દાખલ થયેલા તારાંકિત પ્રશ્નો. | ગૃહમાં મૌખિક મૌખિક જવાબ આપેલ કુલ. તારાંકિત પ્રશ્નો. | મહેસુલ અને સહકાર મંત્રીશ્રી | |
|---|---|---|---|---|
| | | | દાખલ | મૌખિક જવાબ |
| ૧. | ૨ | ૩ | ૪ | ૫ |
| તા. ૬-૯-૯૧ | ૧૧૪ | ૭ | ૪૨ | ૩ |
| કુલ :- | ૧૧૪ | ૭ | ૪૨ | ૩ |

| માર્ગ અને મકાન અને સંસદીય બાબતોના મંત્રીશ્રી | | પંચાયત અને ગ્રામગૃહ નિર્માણ મંત્રીશ્રી | |
|---|---|---|---|
| દાખલ | મૌખિક જવાબ | દાખલ | મૌખિક જવાબ |
| ૬ | ૭ | ૮ | ૯ |
| ૫૮ | ૪ | ૧૪ | ... |
| ૫૮ | ૪ | ૧૪ | ... |

જથ-૫

| તારીખ | કુલ દાખલ થયેલા તારાંકિત પ્રશ્નો. | ગૃહમાં મૌખિક જવાબ અપાયેલા કુલ તારાંકિત પ્રશ્નો. | વન, મત્સ્યોદ્યોગ સમાજ કલ્યાણ સમાજ સુરક્ષા. અને આદિજાતિ. વિકાસ મંત્રીશ્રી. | |
|---|---|---|---|---|
| | | | દાખલ | મૌખિક જવાબ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| તા. ૯-૯-૯૧ | ૯૮ | ૭ | ૩૫ | ૨ |
| કુલ :- | ૯૮ | ૭ | ૩૫ | ૨ |

| નાગરિક પૂરવઠા પાણી પૂરવઠા મંત્રીશ્રી | | શ્રમ અને રોજગાર અને વાહનવ્યવહાર મંત્રીશ્રી | |
|---|---|---|---|
| દાખલ | મૌખિક જવાબ | દાખલ | મૌખિક જવાબ |
| ૬ | ૭ | ૮ | ૯ |
| ૪૯ | ૩ | ૧૪ | ૨ |
| ૪૯ | ૩ | ૧૪ | ૨ |

**પત્રક ક્રમાંક : ૧૦**

(જુઓ ફકરા ક્રમાંક ૬)

**દાખલ કરવાના સરકારી વિધેયકો**

| અનુ. | વિધેયકની ટુંકી સંજ્ઞા | વિભાગ | પ્રભારી મંત્રી | દાખલ થયા તારીખ | વિધેયકનો ક્રમાંક અને ગેઝેટમાં પ્રસિદ્ધ થયા તારીખ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | સન ૧૯૯૧નું મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ (ગુજરાત સુધારા) વિધેયક | કાયદા | કાયદામંત્રી શ્રી શશીકાંત લાખાણી | ... | સન ૧૯૯૧નું વિધેયક ક્રમાંક: ૪ તા-૧૧-૨-૧૯૯૧ (સમયના અભાવે દાખલ થઈ શક્યું નહીં) |
| ૨ | સન ૧૯૯૧નું ગુજરાત નવા મકાન વેરા વિધેયક | શહેર, વિકાસ અને શહેરી ગૃહનિર્માણ | શહેરી વિકાસ મંત્રી શ્રી નરહરી અમીન | ... | સન ૧૯૯૧નું વિધેયક ક્રમાંક ૩૦ તા-૨૨-૩-૯૧ (સમયના અભાવે દાખલ થઈ શક્યું નહીં) |
| ૩ | સન ૧૯૯૧નું મુંબઈ જમીન મહેસુલ (ગુજરાત સુધારા)વિધેયક | મહેસુલ | મહેસૂલ મંત્રી શ્રી દલસુખભાઈ પટેલ | ... | સન ૧૯૯૧નું વિધેયક ક્રમાંક ૩૨ તા. ૧૪-૮-૯૧ (સમયના અભાવે દાખલ થઈ શક્યું નહીં) |
| ૪ | સન ૧૯૯૧નું ગુજરાત વિધાનસભા સભ્ય (ગેરલાયકાત નિવારણ) (દ્વિતિય સુધારા) વિધેયક. | કાયદા | સંસદીય બાબતોનામંત્રી શ્રી દિનશા પટેલ | ૧૦-૯-૯૧ | સન ૧૯૯૧નું વિધેયક ક્રમાંક ૩૩ : તા-૧૪-૮-૯૧ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫ | સન ૧૯૯૧નું ગુજરાત રાજ્ય બાંયધરી(સુધારા) વિધેયક | નાણા | નાણામંત્રી શ્રી છબીલદાસ મહેતા | ૬-૯-૯૧ | સન ૧૯૯૧નું વિધેયક ક્રમાંક: ૩૪ તા-૧૪-૮-૯૧ |
| ૬ | સન ૧૯૯૧નું મુંબઈ જમીન હંગામી સંપાદન (ગુજરાત સુધારા) વિધેયક | માર્ગ અને મકાન | માર્ગ અને મકાનમંત્રી શ્રી દિનશા પટેલ | ૯-૯-૯૧ | સન ૧૯૯૧નું વિધેયક ક્રમાંક: ૩૫ તા-૧૭-૮-૯૧ |
| ૭ | સન ૧૯૯૧નું મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ગુજરાત સુધારા) વિધેયક | શહેરી વિકાસ અને શહેરીગૃહનિર્માણ | શહેરી વિકાસ મંત્રી શ્રી નરહરી અમીન | . | સન ૧૯૯૧નું વિધેયક ક્રમાંક: ૩૬ તા- ૧૯-૮-૯૧ (સમયના અભાવે દાખલ થઈ શક્યું નહીં) |
| ૮ | સન ૧૯૯૧નું મુંબઈ મોટર વાહનવેરા (ગુજરાત સુધારા) વિધેયક | ગૃહ | વાહનવ્યવહાર મંત્રી શ્રી રામસિંહ પરમાર | ... | સન ૧૯૯૧નું વિધેયક ક્રમાંક: ૩૭ તા. ૨૩-૮-૯૧ (સમયના અભાવે દાખલ થઈ શક્યું નહીં) |
| ૯ | સન ૧૯૯૧નું ગુજરાત વેચાણવેરા (દ્વિતિય સુધારા) વિધેયક | નાણા | નાણાંમંત્રી શ્રી છબીલદાસ મહેતા | .. | સન ૧૯૯૧નું વિધેયક ક્રમાંક: ૩૮ તા-૪-૯-૯૧ (સમયના અભાવે દાખલ થઈ શક્યું નહીં) |
| ૧૦ | સન ૧૯૯૧નું ગુજરાત સંલગ્ન કોલેજ અને યુનિવર્સિટી સેવા ટ્રિબ્યુનલ કાયદા(સુધારા) વિધેયક | શિક્ષણ | શિક્ષણ મંત્રી ડો. કરશનદાસ સોનેરી | ૬-૯-૯૧ | સન ૧૯૯૧નું વિધેયક ક્રમાંક ૪૦ તા-૬-૯-૯૧ |

પત્રક ક્રમાંક-

( જુઓ ફકરા

પહેલા, બીજા અને ત્રીજા વાંચન

| અનુ. નં. | વિધેયકનો નંબર અને ટુંકી સંજ્ઞા | ગેઝેટમાં પ્રસિધ્ધ થયા તારીખ | વિભાગ | પ્રભારી મંત્રીશ્રી | દાખલ થયાં તારીખ |
|---|---|---|---|---|---|
| ૧. | ૨. | 3. | ૪. | ૫. | ૬. |
| ૧. | સન ૧૯૯૧નું વિધેયક ક્રમાંક : ૪ સન ૧૯૯૧નું મુંબઇ સાર્વજનિક ટ્રસ્ટ (ગુજરાત સુધારા) વિધેયક. | ૧૧--૨--૯૧ | કાયદા | કાયદા મંત્રીશ્રી શ્રી શશીકાંત લાખાણી | -- |
| ૨ | સન ૧૯૯૧નું વિધેયક ક્રમાંક : ૯ સન ૧૯૯૧નું ગુજરાત વિધાનસભા સભ્ય (ગેરલાયકાત નિવારણ) (સુધારા) વિધેયક. | ૧૪--૨--૯૧ | કાયદા | સંસદીય બાબતોના મંત્રીશ્રી દિનશા પટેલ | ૧૪--૨--૯૧ |
| 3 | સન ૧૯૯૧નું વિધેયક ક્રમાંક : ૨૧ સન ૧૯૯૧નું ગુજરાત પૂર્વપ્રસૂતિ ગર્ભનિદાન પરીક્ષણ નિયમન વિધેયક. | ૫--3--૯૧ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ | આરોગ્ય મંત્રી શ્રી બાબુભાઇ વાસણવાળા | ૫--3--૯૧ |
| ૪ | સન ૧૯૯૧નું વિધેયક ક્રમાંક -૨૪ સન ૧૯૯૧નું ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી (સુધારા) વિધેયક. | ૧૮--3--૯૧ | ,, | ,, | ૧૮--3--૯૧ |
| ૫ | સન ૧૯૯૧નું વિધેયક ક્રમાંક : 30, સન ૧૯૯૧નું ગુજરાત નવા મકાન વેરા વિધેયક | ૨૨--3--૯૧ | શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ | શહેરી વિકાસ મંત્રીશ્રી નરહરિ અમીન | -- |

૧૧

ક્રમાંક-૭)

માટેના સરકારી વિધેયકો

| પહેલા વાંચનની તારીખ | બીજા વાંચન ની તારીખ તારીખ | ત્રીજાવાંચનની તારીખ | સુધારો જેની સૂચના મળી | જે રજૂ કરવામાં આવ્યો | જે પસાર કરવામાં આવ્યો | શેરો |
|---|---|---|---|---|---|---|
| ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |
| – | – | – | – | – | – | સમયના અભાવે વિધેયક દાખલ થઈ શક્યું નહિ. |
| – | – | – | – | – | – | સમયના અભાવે વિધેયક હાથ ધરી શકાયું નહીં |
| – | – | – | – | – | – | „ |
| – | – | – | – | – | – | „ |
| – | – | – | – | – | – | સમયના અભાવે વિધેયક દાખલ કરી શકાયું નહી. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
|---|---|---|---|---|---|
| ૬ | સન ૧૯૯૧નું વિધેયક ક્રમાંક : ૩૨ સન ૧૯૯૧નું મુંબઈ જમીન મહેસુલ (ગુજરાત સુધારા) વિધેયક. | ૧૪–૮–૯૧ | મહેસૂલ | મહેસૂલ મંત્રીશ્રી દલસુખભાઈ પટેલ | – |
| ૭ | સન ૧૯૯૧નું વિધેયક ક્રમાંક-૩૩ સન ૧૯૯૧નું ગુજરાત વિધાનસભા સભ્ય (ગેરલાયકાત નિવારણ (દ્વિતીય સુધારા) વિધેયક | ૧૪–૮–૯૧ | કાયદા | સંસદીય બાબતોના મંત્રી શ્રી દિનશા પટેલ | ૧૦–૯–૯૧ |
| ૮ | સન ૧૯૯૧નું વિધેયક ક્રમાંક : ૩૪ સન ૧૯૯૧ ગુજરાત રાજ્ય બાંહેધરી (સુધારા) વિધેયક. | ૧૪–૮–૯૧ | નાણા | નાણામંત્રીશ્રી શ્રી છબીલદાસ મહેતા | ૬–૯–૯૧ |
| ૯ | સન ૧૯૯૧નું વિધેયક ક્રમાંક : ૩૫ સન ૧૯૯૧નું મુંબઈ જમીન હંગામી સંપાદન ( ગુજરાત સુધારા) વિધેયક. | ૧૭–૮–૯૧ | માર્ગ અને મકાન | માર્ગ અને . મકાન મંત્રી શ્રી દિનશા પટેલ | ૯–૯–૯૧ |
| ૧૦ | સન ૧૯૯૧નું વિધેયક ક્રમાંક ૩૬ સન ૧૯૯૧નું મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિ-સિપલ કોરપોરેશન (ગુજરાત સુધારા)વિધેયક. | ૧૯–૮–૯૧ | શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ | શહેરી વિકાસ મંત્રીશ્રી નરહરિઅમીન | – |
| ૧૧ | સન ૧૯૯૧નું વિધેયક ક્રમાંક : ૩૭ સન ૧૯૯૧નું મુંબઈ મોટર વાહન વેરા (ગુજરાત સુધારા) વિધેયક | ૨૩–૮–૯૧ | ગૃહ | વાહનવ્યવહાર મંત્રી શ્રી રામસિહ પરમાર | – |

| ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |
|---|---|---|---|---|---|---|
| – | – | – | – | – | – | સમયના અભાવે વિધેયક દાખલ કરી શકાયું નહીં |
| ૧૦-૯-૯૧ | ૧૦-૯-૯૧ | ૧૦-૯-૯૧ | – | – | – | ,, |
| ૬-૯-૯૧ તથા ૯-૯-૯૧ | ૯-૯-૯૧ | ૯-૯-૯૧ | શ્રી શકિત વી. ગોહિલ | હા | ના | |
| ૯-૯-૯૧ | ૧૦-૯-૯૧ | ૧૦-૯-૯૧ | શ્રી શકિતસિંહ ગોહિલ ૧ | ના | ના | – |
| – | – | – | – | – | – | સમયના અભાવે વિધેયક દાખલ થઇ શકયું નહિ. |
| – | – | – | – | – | – | ,, |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
|---|---|---|---|---|---|
| ૧૨ | સન ૧૯૯૧નું વિધેયક ક્રમાંક : ૩૮ સન ૧૯૯૧નું ગુજરાત વેચાણવેરા (દ્વિતીય સુધારા) વિધેયક. | ૪–૯–૯૧ | નાણા | નાણા મંત્રીશ્રી શ્રી છબીલદાસ મહેતા | – |
| ૧૩ | સન ૧૯૯૧નું વિધેયક ક્રમાંક : ૪૦ સન ૧૯૯૧નું ગુજરાત સંલગ્ન કોલેજ અને યુનિવર્સિટી સેવા ટ્રિબ્યુનલ કાયદા (સુધારા) વિધેયક. | ૬–૯–૯૧ | શિક્ષણ | શિક્ષણ મંત્રીશ્રી ડૉ. કરશનદાસ સોનેરી | ૬–૯–૯૧ |

| ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |
|---|---|---|---|---|---|---|
| | | | | | | સમયના અભાવે વિધેયક દાખલ થઈ શક્યુ નહિ |
| – | – | – | – | – | | સમયના અભાવે વિધેયક હાથ ધરી શકાયું નહીં.) |

પત્રક ક્રમાંક-૧૨

( જુઓ ફકરા ક્રમાંક-૧૫)

વટહુકમો અને તે બહાર પાડવા અંગેના નિવેદનો

| અનુ. | વટહુકમ ક્રમાંક અને ટૂંકી સંજ્ઞા | વટહુકમ મેજ ઉપર મૂક્યા તારીખ | નિવેદન મેજ ઉપર મૂક્યા તારીખ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| (૧) | સન ૧૯૯૧નો વટહુકમ ક્રમાંક--૧ સન ૧૯૯૧નાં ગુજરાત વિધાનસભા સભ્ય (ગેરલાયકાત નિવારણ) (સુધારા) વટહુકમ અને તે બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન. | ૪--૯--૯૧ | ૪--૯--૯૧ |
| (૨) | સન ૧૯૯૧ નો વટહુકમ ક્રમાંક-૨ સન ૧૯૯૧નાં મુંબઈ જમીન હંગામી સંપાદન (ગુજરાત સુધારા) વટહુકમ અને તે બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન | ૪--૯--૯૧ | ૪--૯--૯૧ |

### પત્રક ક્રમાંક : ૧૩

(જુઓ ફકરા ક્રમાંક—૧૬)

### વટહુકમ નામંજૂર કરતા પ્રસ્તાવો [નિયમ—૧૫૨ (૨)]

| અ.નં. | મળેલ સૂચનાઓની સંખ્યા | નામંજૂર કે પાછી ખેંચી લીધેલ વિગેરે | દાખલ કરેલ સૂચનાઓની સંખ્યા | દાખલ કરેલ સૂચનાઓનો વિષય | સૂચના આપનાર સભ્યશ્રીનું નામ | ચર્ચાયા તારીખ | પરિણામ | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧ | ૪ | = | ૪ | (૧) સન ૧૯૯૧નો વટહુકમ ક્રમાંક—૧ સન ૧૯૯૧નો ગુજરાત વિધાન-સભા સભ્ય (ગેરલાયકાત નિવારણ) (સુધારા) વટહુકમ નામંજૂર કરવા બાબતનો પ્રસ્તાવ. | સર્વશ્રી પ્રવિણસિંહજી જાડેજા (અશોક ભટ્ટ, સવજીભાઈ કોરાટ, શકિતસિંહ ગોહિલ) | ૯—૯—૯૧ ૧૦—૯—૯૧ | ચર્ચાને અંતે સભાગૃહની અનુમતિથી પ્રસ્તાવ પાછો ખેંચ્યો તા. ૧૦—૯—૯૧. | — |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
|---|---|---|---|---|---|
| ૨ ૪ | – ૪ | (૨) સન ૧૯૯૧નો વટહુકમ ક્રમાંક–૨ સન ૧૯૯૧નો મુંબઈ જમીન હંગામી સંપાદન (ગુજરાત સુધારા) વટહુકમ નામંજૂર કરવા બાબતનો પ્રસ્તાવ. | મનોહરસિંહજી જાડેજા (પ્રવિણસિંહજી જાડેજા અશોક ભટ્ટ, સવજીભાઈ કોરાટ). ૧૦–૯–૯૧ | ચર્ચાને અંતે પ્રસ્તાવ મત ઉપર મુકાતાં સભાગૃહે તેનો અસ્વીકાર કર્યો. | પ્રસ્તાવ શ્રી પ્રવિણ-સિંહજી જાડેજાએ રજૂ કર્યો. |

## પત્રક ક્રમાંક : ૧૪

(જુઓ ફકરા ક્રમાંક—૧૭)

### ચર્ચા માટેનો દિવસ નક્કી ન થયો હોય તેવા પ્રસ્તાવો (નિયમ—૧૦૧)

| મળેલી સૂચનાઓની સંખ્યા | દાખલ | નામંજૂર | દાખલ થયેલી સૂચનાઓ-માંથી ચર્ચા માટે પસંદ થયેલી સૂચનાઓનો વિષય | સૂચના આપનાર સભ્યશ્રીનું નામ | ફાળવેલ સમય | ચર્ચાયા તારીખ | પરિણામ | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. | ૮. | ૯. |
| ૭ | ૫ | ૨ | (૧) ખાતરની સબસીડી અંગેની કેન્દ્રની નવી નીતિને પરિણામે સબ-સીડીમાં મૂકેલ કાપની રકમ રાજ્ય સરકારે ચૂકવી આપવા બાબત. | શ્રી ભુપેન્દ્રસિંહજી ચુડાસમા | ૯૦ મિનિટ | ૧૧–૯–૯૧ | -- | સભાગૃહની અનુમતીથી સભ્ય-શ્રીએ પ્રસ્તાવ પાછો ખેંચી લીધો. |
| | | | (૨) ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડનો સન ૧૯૮૮-૮૯ નો વાર્ષિક અહેવાલ વિચારણામાં લેવા બાબત. | શ્રી શકિતસિંહ ગોહિલ | ૯૦ મિનિટ | ૧૧–૯–૯૧ | | —,,— |

**પત્રક ક્રમાંક : ૧૫**

(જુઓ ફકરા ક્રમાંક : ૨૦)

**ધ્યાન દોરતી સૂચનાઓ (નિયમ-૧૧૬)**

| મળેલી સૂચનાઓની સંખ્યા | દાખલ કરેલી સૂચનાઓ | દાખલ કરેલી સૂચનાઓનો વિષય (ટૂંકમાં) | વિભાગનું નામ | સૂચના આપનાર સભ્યશ્રીનું નામ | બાબત પર ધ્યાન દોર્યા તારીખ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૮૨ (નામ એકત્રિત કરતાં—૬) | ૧૦ | (૧) રાજ્યની આદિવાસી પ્રજાને બહેકાવે તેવી વિદેશી કેસેટો | ગૃહ વિભાગ | શ્રી નલીન ભટ્ટ | ૪-૯-૯૧ |
| | | (૨) વિજાપુર તાલુકાના ગુંદરાસણ ગામે એક હરિજન આગેવાનને જીવતો સળગાવવાનો બનેલ બનાવ. | ગૃહ વિભાગ | શ્રી નરેશકુમાર રાવલ (ફકીરભાઈ વાઘેલા, કાંતિભાઈ સોલંકી) | ૫-૯-૯૧ |
| | | (૩) જુનાગઢ તાલુકના ચોકી ગામના ખેતરમાં કામ કરતા ખેડૂતો ઉપર એસ.આર.પી.ના જવાનોએ કરેલ હુમલો. | ગૃહ વિભાગ | શ્રી સવજીભાઈ કોરાટ | ૬-૯-૯૧ |
| | | (૪) રાજ્યના કેટલાક જિલ્લાઓમાં અપૂરતા વરસાદને કારણે દુષ્કાળની પરિસ્થિતિ. | મહેસુલ વિભાગ | શ્રી ઉદેસિંહ બારીયા | ૯-૯-૯૧ |
| | | (૫) છોટાઉદેપુર તાલુકાના બુંજર ગામે રોગચાળામાં સાત વ્યકિતના થયેલ મૃત્યુ. | આરોગ્ય વિભાગ | શ્રી નલિન ભટ્ટ | ૧૦-૯-૯૧ |
| | | (૬) ભાવનગર મહાનગરપાલિકાના એક કર્મચારીએ કરેલ આત્મવિલોપન. | ગૃહ વિભાગ | શ્રી મહેન્દ્ર ત્રિવેદી (સવજીભાઈ કોરાટ અને ગોપાલદાસ ભોજવાણી). | ૧૧-૯-૯૧ |

એચબી-૧૧૭૧-૮

# પત્રક ક્રમાંક : ૧૬

( જુઓ ફકરા ક્રમાંક – ૨૧)

## દાખલ કરવાનાં બિન-સરકારી વિધેયકો

| અ.નં. | વિધેયકની ટૂંકી સંજ્ઞા | સરકારી વિભાગ | પ્રભારી સભ્યશ્રી. | દાખલ કર્યા તારીખ | વિધેયક ક્રમાંક. | વિધેયક ગેઝેટમાં પ્રસિધ્ધ થયા તારીખ. | શેરો. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧. | સન ૧૯૯૦નું ગુજરાત વિધાનસભા સચિવાલય (ભરતી અને સેવાની શરતો) બાબત વિધેયક. | સામાન્ય વહીવટ | શ્રી મનોહરસિંહજી જાડેજા | ૫--૯--૯૧ | સન ૧૯૯૧ નું વિધેયક ક્રમાંક-૩૯ | ૫--૯--૯૧ | – |
| ૨. | સન ૧૯૯૧નું ગુજરાત પ્રવેશ વેરા વિધેયક. | નાણા | શ્રી દિલીપભાઈ પરીખ | – | – | – | સંવિધાનના અનુચ્છેદ ૩૦૪-બી અન્વયે રાષ્ટ્રપતિની પૂર્વ મંજૂરી જરૂરી હોઈ અને તે મળી ન હોઈ વિધેયક દાખલ થઈ શકયું નહીં. |

પત્રક ક્રમાંક : ૧૭

( જુઓ ફકરા ક્રમાંક – ૨૨)

પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાં (નિકાલ થયેલાં) બિન-સરકારી વિધેયકો

| અ.નં. | વિધેયકનો ક્રમ અને ટૂંકી સંજ્ઞા | વિભાગનું નામ | પ્રભારી સભ્યશ્રી | ચર્ચાયા તારીખ. | પરિણામ | શેરો |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧. | સન ૧૯૯૧નું વિધેયક ક્રમાંક-૧૫ સન ૧૯૯૦નું ગુજરાત વિધાનસભા સચિવાલય (ભરતી અને સેવાની-- શરતો બાબત) વિધેયક. | સામાન્ય વહીવટ | શ્રી હરિશચંદ્ર પટેલ | ૫-૯-૯૧ | વિધેયકનું પહેલું વાંચન કરવાનો પ્રસ્તાવ રજૂ થયો. ચર્ચાને અંતે સભા ગૃહની અનુમતિથી વિધેયક પાછું ખેંચી લેવામાં આવ્યું. | |
| ૨. | સન ૧૯૯૧નું વિધેયક ક્રમાંક-૨૫ સન ૧૯૯૧નું ગુજરાત રાજ્ય રમતવીર પ્રોત્સાહન વિધેયક | યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ. | શ્રી ઉદેસિંહ બારીયા | ૫--૯--૯૧ | —— ,, —— | |
| ૩. | સન ૧૯૯૧નું વિધેયક ક્રમાંક-૨૬ સન ૧૯૯૧નું ગુજરાત માધ્યમિક શિક્ષણ (સુધારા) વિધેયક. | શિક્ષણ. | શ્રી કાન્તિલાલ બી. સોલંકી | ૫--૯--૯૧ | વિધેયકનું પહેલું વાંચન કરવાનો પ્રસ્તાવ રજૂ થયો ચર્ચાને અંતે વિધે- યકનો અસ્વીકાર કરવામાં આવે. | |

## પત્રક ક્રમાંક—૧૮

(જુઓ ફકરા ક્રમાંક — ૨૨)

**પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે બાકી રહેલાં બિન સરકારી વિધેયકો.**

| અ.નં. ૧ | વિધેયક ક્રમાંક અને ટૂંકી સંજ્ઞા ૨ | વિભાગ ૩ | પ્રભારી સભ્ય ૪ | શેરો ૫ |
|---|---|---|---|---|
| ૧. | સન ૧૯૯૦નું વિધેયક ક્રમાંક -૩૦ સન ૧૯૯૦નું ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક. | કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ | શ્રી મંગળસિંહ ગોહિલ. | પ્રભારી સભ્યશ્રીની ગેરહાજરીને કારણે વિધેયક હાથ ધરી શકાયુ નહિ. (૧૪--૨--૯૧) |
| ૨. | સન ૧૯૯૧નું વિધેયક ક્રમાંક --૧૪ સન ૧૯૯૦નું ગુજરાત વિધાનસભા સચિવાલય (ભરતી અને સેવાની શરતો બાબત) વિધેયક. | સામાન્ય વહીવટ | શ્રી નરેશ રાવલ | સમયના અભાવે વિધેયક હાથ ધરી શકાયું નહી. |
| ૩. | સન ૧૯૯૧નું વિધેયક ક્રમાંક:-૧૭ સન ૧૯૯૦નું ગુજરાત વિધાનસભા સચિવાલય (ભરતી અને નોકરીની શરતો બાબત) વિધેયક | સામાન્ય વહીવટ | શ્રી જયનારાયણ વ્યાસ | સમયના અભાવે વિધેયક હાથ ધરી શકાયું નહી. |
| ૪. | સન ૧૯૯૧નું વિધેયક ક્રમાંક --૨૭ સન ૧૯૯૧નું મુંબઈ નશાબંધી (ગુજરાત સુધારા) વિધેયક. | સમાજકલ્યાણ | શ્રી લક્ષ્મણસિંહ પરમાર | સમયના અભાવે વિધેયક હાથ ધરી શકાયું નહી. |
| ૫. | સન ૧૯૯૧નું વિધેયક ક્રમાંક--૩૯ સન ૧૯૯૦નું ગુજરાત વિધાનસભા સચિવાલય (ભરતી અને સેવાની શરતો બાબત) વિધેયક. | સામાન્ય વહીવટ | શ્રી મનોહરસિંહજી જાડેજા. | સમયના અભાવે વિધેયક હાથ ધરી શકાયું નહી. |

પત્રક ક્રમાંક—૧૯

( જુઓ ફકરા ક્રમાંક ૩૨ )

ખરેખર થયેલા કામકાજ પ્રમાણેની સભાઓની તારીખવાર યાદી.

સપ્ટેમ્બર—૧૯૯૧.

| | | |
|---|---|---|
| મંગળવાર | તા. ૩જી | શોકદર્શક ઉલ્લેખ. |
| બુધવાર | તા. ૪થી | (૧) શોકદર્શક ઉલ્લેખ.<br>(૨) મંત્રીમંડળમાં અવિશ્વાસ વ્યકત કરતો સભ્યશ્રી સુરેશચંદ્ર રૂ. મહેતાનો નિયમ-૧૦૬ અન્વયેનો પ્રસ્તાવ (ચર્ચા ચાલુ) |
| ગુરુવાર | તા. ૫મી | (૧) મંત્રીમંડળમાં અવિશ્વાસ વ્યકત કરતાં નિયમ-૧૦૬ અન્વયેનો પ્રસ્તાવ.<br>(૨) બિન-સરકારી વિધેયકો. |
| શુક્રવાર | તા. ૬ઠ્ઠી | સરકારી વિધેયકો.<br>(૧) સન ૧૯૯૧નું ગુજરાત સંલગ્ન કોલેજ અને યુનિવર્સિટીઓ સેવા ટ્રીબ્યુનલ કાયદા (સુધારા) વિધેયક (દાખલ).<br>(૨) સન ૧૯૯૧નું વિધેયક ક્રમાંક-૩૪-સન ૧૯૯૧નું ગુજરાત રાજ્ય બાંધધરી (સુધારા) વિધેયક (દાખલ તથા પહેલું વાંચન ચાલુ.) |
| સોમવાર | તા. ૯મી | સરકારી વિધેયકો અને વટહુકમ નામંજૂર કરતો પ્રસ્તાવ.<br>(૧) સન ૧૯૯૧નું વિધેયક ક્રમાંક-૩૪-સન ૧૯૯૧નું ગુજરાત રાજ્ય બાંધધરી (સુધારા) વિધેયક. (પહેલું, બીજું અને ત્રીજું વાંચન).<br>(૨) (અ) સન ૧૯૯૧નો વટહુકમ ક્રમાંક-૨- સન ૧૯૯૧નું મુંબઈ જમીન હંગામી સંપાદન (ગુજરાત સુધારા) વટહુકમ નામંજૂર કરતો પ્રસ્તાવ સભ્યશ્રી મનોહરસિંહજી જાડેજાનો નિયમ—૧૫૨ (૨) અન્વયેનો પ્રસ્તાવ (ચર્ચા ચાલુ).<br>(૨) (બ) સન ૧૯૯૧નું વિધેયક ક્રમાંક-૩૫ સન ૧૯૯૧નું મુંબઈ જમીન હંગામી સંપાદન (ગુજરાત સુધારા) વિધેયક (પહેલું વાંચન ચાલુ) |

મંગળવાર, તા. ૧૦મી (૧) શોકદર્શક ઉલ્લેખ.

(૨) વટહુકમ નામંજૂર કરતા પ્રસ્તાવો અને સરકારી વિધેયકો.

અ (૧) સન ૧૯૯૧નો વટહુકમ ક્રમાંક-૨ સન ૧૯૯૧નું મુંબઈ જમીન હંગામી સંપાદન (ગુજરાત સુધારા) વટહુકમ નામંજૂર કરતા સભ્યશ્રી મનોહરસિંહજી જાડેજાનો નિયમ-૧૫૨-(૨) અન્વયેનો પ્રસ્તાવ.

(૨) સન ૧૯૯૧નું વિધેયક ક્રમાંક-૩૫ સન ૧૯૯૧નું મુંબઈ જમીન હંગામી સંપાદન (ગુજરાત સુધારા) વિધેયક (પહેલું, બીજું અને ત્રીજું વાંચન)

બ (૧) સન ૧૯૯૧નો વટહુકમ ક્રમાંક-૨ સન ૧૯૯૧નો ગુજરાત વિધાનસભા સભ્ય (ગેરલાયકાત નિવારણ) (સુધારા) વટહુકમ નામંજૂર કરતો સભ્યશ્રી પ્રવિણસિંહજી જાડેજાનો નિયમ--૧૫૨ (૨) અન્વયેનો પ્રસ્તાવ.

(૨) સન ૧૯૯૧નું વિધેયક ક્રમાંક--૩૩ સન ૧૯૯૧નું ગુજરાત વિધાનસભા સભ્ય (ગેરલાયકાત નિવારણ) (દ્વિતીય સુધારા) વિધેયક (દાખલ તથા પસાર)

બુધવાર, તા. ૧૧મી. (૧) સભ્યશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાનો નિયમ-૧૦૧ અન્વયેનો કેન્દ્ર સરકારે કાપ મૂકયા જેટલી ખાતરની સબસીડીની રકમ ગુજરાતના ખેડૂતોને રાજ્ય સરકારે ચૂકવવા અંગેનો પ્રસ્તાવ.

(૨) સભ્યશ્રી શકિતસિંહ ગોહિલનો નિયમ-૧૦૧ અન્વયેનો ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડનો સન ૮૮-૮૯નો વાર્ષિક અહેવાલ વિચારણામાં લેવા અંગેનો પ્રસ્તાવ અને.

(૩) છેલ્લા દિવસનો પ્રસ્તાવ.

પત્રક ક્રમાંક—૨૦

(જુઓ ફકરા ક્રમાંક—૩૩)

રોજેરોજના કામકાજનો સારાંશ

**મંગળવાર, તા. ૩મી સપ્ટેમ્બર, ૧૯૯૧.**

અધ્યક્ષ શ્રી હિંમતલાલ મુલાણીના અધ્યક્ષપદે સભાગૃહ મળ્યું.

મુખ્યમંત્રી શ્રી ચીમનભાઈ પટેલે ભારતના માજી વડાપ્રધાન સ્વ. શ્રી રાજીવ ગાંધીના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ કર્યો અને સ્વર્ગસ્થને અંજલિ આપી.

ત્યારબાદ વિરોધપક્ષના નેતા, શ્રી કેશુભાઈ પટેલે તેમજ શ્રી સી. ડી. પટેલ, શ્રી અશોક ભટ્ટ, શ્રી પ્રવિણસિંહજી જાડેજા, શ્રી નવીનભાઈ શાસ્ત્રી, શ્રી શશીકાન્ત લાખાણી, શ્રી જયનારાયણ વ્યાસ, શ્રી ઉદેસિંહ બારીયા, શ્રીમતી ચંદ્રીકાબહેન ચુડાસમા, શ્રી ગાંડાજી ઠાકોર, શ્રી નરેશ રાવલ, શ્રી વીરજીભાઈ મુનિયા, શ્રી ભરત બારોટ, શ્રી મનુભાઈ પરમાર અને શ્રી ઈશ્વરસિંહજી ચાવડાએ સ્વર્ગસ્થને અંજલિ આપ્યા બાદ અધ્યક્ષશ્રીએ તેમાં સૂર પુરાવ્યો.

ત્યારબાદ સભ્યશ્રીઓએ ઉભા થઈને થોડીવાર મૌન પાળ્યું.

૨. શ્રીમતી ચંદ્રીકાબેન ચુડાસમાએ પોતાનું વક્તવ્ય રજૂ કરી રહયા બાદ અધ્યક્ષશ્રીએ અવલોકન કર્યું કે શોકદર્શક ઉલ્લેખ પર જ્યારે માનનીય સભ્યશ્રીઓ પોતાના વક્તવ્યો આપી રહયા છે ત્યારે સભાગૃહના માનનીય સંસદીય સચિવશ્રી ખુમાનસિંહ તેમજ અન્ય સભ્યશ્રી બહાર ગયા અને ફરી આવીને પોતની બેઠક લીધી તેમજ પત્રકાર દીર્ઘામાં પણ અવરજવર થઈ તેવું મારા ધ્યાનમાં આવ્યું છે તો તે બરાબર નથી તેથી ફરીથી આવું ન બને તે માટે સૌ આ બાબતમાં ધ્યાન રાખે.

૩. સભ્યશ્રીઓએ થોડીવાર મૌન પાળ્યા બાદ મુખ્યમંત્રી શ્રી ચીમનભાઈ પટેલે પ્રસ્તાવ રજૂ કરતાં જણાવ્યું કે ભારતના માજી વડાપ્રધાન શ્રી રાજીવ ગાંધીને આ સભાગૃહે શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે અને તેમના માનમાં આજની બેઠકનું કામકાજ મુલતવી રાખવામાં આવે, તેને વિરોધપક્ષના નેતા શ્રી કેશુભાઈ પટેલ તેમજ શ્રી સી. ડી. પટેલે અનુમોદન આપતાં અધ્યક્ષશ્રીએ સભાગૃહની સંમતિથી ગૃહની બેઠક મુલતવી રાખી.

## બુધવાર, તા. ૪થી સપ્ટેમ્બર, ૧૯૯૧.

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા

૨. મુખ્યમંત્રી શ્રી ચીમનભાઈ પટેલે મુંબઈ વિધાનસભાના માજી સભ્યશ્રી ગુલામ હૈદર મોમીન, શ્રી હરિશંકર મ. રાવલ, ગુજરાત વિધાનસભાના માજી સભ્ય અને ઉપાધ્યક્ષ શ્રી પ્રેમજીભાઈ થોભણભાઈ લેઉવા, શ્રી જીવુભા ઘેલુભા ઝાલા, શ્રી ગોવિંદભાઈ માનાભાઈ ભાંભી અને શ્રી હરિભાઈ રામજીભાઈ નકુમના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ કર્યો અને સ્વર્ગસ્થોને અંજલિ આપી.

ત્યારબાદ વિરોધપક્ષના નેતા, શ્રી કેશુભાઈ પટેલ, શ્રી સી. ડી. પટેલ, શ્રી પ્રવિણસિંહજી જાડેજા, ડૉ. કરસનદાસ સોનેરી, શ્રી શકિતસિંહજી ગોહિલ, ડૉ. રણમલ વારોતરીયા, શ્રી જીતુભા રાણા, શ્રી કરમશીભાઈ મકવાણા અને શ્રી ઈશ્વરસિંહજી ચાવડાએ સ્વર્ગસ્થોને અંજલિ આપ્યા બાદ અધ્યક્ષશ્રીએ પણ તેમાં સૂર પૂરાવ્યો.

ત્યારબાદ સભ્યશ્રીઓએ ઉભા થઈને થોડીવાર મૌન પાળ્યું.

૩. વિધાનસભાના નિયમોના નિયમ ૧૦૬ અન્વયે સભ્ય. શ્રી સુરેશચંદ્ર રૂ. મહેતાએ નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કરવાની સભાગૃહની પરવાનગી માગી.

"આ સભાગૃહ વર્તમાન મંત્રીમંડળમાં અવિશ્વાસ વ્યકત કરે છે."

ત્યારબાદ માન. અધ્યક્ષશ્રીએ ઉકત પ્રસ્તાવ રજૂ કરવા માટે પરવાનગી આપવાની તરફેણમાં હોય તે માન. સભ્યશ્રીઓને પોતાના સ્થાન ઉપર ઉભા થવાનું જણાવતાં, ૧૭થી વધુ સભ્યો ઉભા થતાં માનનીય અધ્યક્ષશ્રીએ જાહેર કર્યું કે ઉકત પ્રસ્તાવ રજૂ કરવાની માન. સભ્યશ્રીને પરવાનગી મળે છે.

ત્યારબાદ તૂર્તજ સભાગૃહના નેતાશ્રી ચીમનભાઈ પટેલે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૦૬(૪)ના પરંતુક તરફ ધ્યાન દોરી એવું સૂચન કર્યું કે ઉકત પ્રસ્તાવની ચર્ચા તૂર્તજ શરૂ કરવામાં આવે અને તે આજે જ પૂરી કરવામાં આવે.

સભ્ય, શ્રી સુરેશ મહેતાએ મા. મુખ્યમંત્રીશ્રીના આ સૂચનનો વિરોધ કરી જણાવ્યું કે તે સ્વીકારવાને પાત્ર નથી. તેમણે વિધાનસભાના નિયમોના નિયમ ૧૦૬ અને નિયમ ૧૦૮ તથા અગાઉના માન. અધ્યક્ષશ્રીનો સન ૧૯૬૦થી ૧૯૮૪ના સમયગાળાના નિર્ણયોના પુસ્તકના પાન ૩૦૦ ઉપરનો તે વખતના માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણય વગેરેને ટાંકી એવી માંગણી કરી કે પ્રસ્તાવની ચર્ચા માટે પૂરતો અવકાશ મળી રહે તે માટે બે દિવસની ચર્ચા આપવી જોઈએ.

ત્યારબાદ સભ્ય શ્રી સી. ડી. પટેલ, ઉપાધ્યક્ષ શ્રી મનુભાઈ પરમાર, સભ્ય શ્રી મનોહરસિંહજી જાડેજા, સભ્ય શ્રી અશોક ભટ્ટ, માન. કાયદા મંત્રી શ્રી શશીકાન્ત લાખાણીએ [illegible] આ સંબંધમાં પોતપોતાના દ્રષ્ટિબિંદુઓ રજૂ કર્યા.

ત્યારબાદ સભ્ય શ્રી સુરેશચંદ્ર મહેતાએ પણ ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૦૬(૪) માંના શબ્દો "ફીક્સ-એ-ડે"ના અર્થ શું થાય તે અંગે પોતાનું મંતવ્ય રજૂ કર્યું.

વિરામના સમય બાદ માનનીય વિરોધપક્ષના નેતા શ્રી કેશુભાઈ પટેલે તેમજ સભ્ય શ્રી સી. ડી. પટેલે અવિશ્વાસના પ્રસ્તાવ અંગેની ચર્ચા કયારે હાથ ધરવી અને તે ચર્ચા માટે કેટલો સમય ફાળવવો તે અંગે ભેગા મળી ઉકેલ શોધવા પ્રયત્ન કરે તો તેનો ઉકેલ આવી શકે તેમ છે. તેમ દર્શાવી આ માટે બે દિવસનો સમય ભૂતકાળમાં પણ આપેલો હોઈ આ વખતે પણ મળવો જોઈએ તેવી માંગણી કરી. તેના સમર્થનમાં સભ્ય શ્રી હરિશચંદ્ર પટેલે પણ પોતાનું દ્રષ્ટિબિંદુ રજૂ કર્યું. સભ્ય શ્રી સી. ડી. પટેલે આ તબક્કે એવું સૂચન કર્યું કે આજે ચર્ચા હાથ ધરવામાં આવે અને તે આવતી કાલે વિરામ સુધી ચાલુ રાખવામાં આવે તો પર્યાપ્ત થશે. માન. મુખ્યમંત્રીશ્રીએ સભ્ય શ્રી સી. ડી. પટેલનું આ સૂચન સ્વીકાર્યું.

ત્યારબાદ માન. અધ્યક્ષશ્રીએ અવિશ્વાસની પ્રસ્તાવની ચર્ચા કયારે હાથ ધરવી અને તે માટે કેટલો સમ ફાળવવો તે અંગે રજૂ થયેલ દૃષ્ટિબિંદુની વિશદ સમીક્ષા કરી અને જ્યારે પોતાનો નિર્ણય આપતા હતા. અને નિર્ણયના સંદર્ભમાં એક દિવસની ચર્ચા આપી શકાય અને ચર્ચા આજે શરૂ થઈ શકે તેવું જ્યારે ઉચ્ચારણ કર્યું ત્યારે માન. અધ્યક્ષશ્રીનો પૂરો નિર્ણય સાંભળ્યા પહેલા પોતાના સ્થાને ઉભા થઈ ભા. જ. પ.ના સભ્યશ્રીઓ "વી વોન્ટ જસ્ટીસ" એવા સૂત્રોચ્ચાર સાથે ગૃહના મધ્યભાગમાં આવી ગયા. આ રીતે ગૃહમાં અવ્યવસ્થા ઊભી થતાં અને ગૃહની કાર્યવાહી આગળ ચલાવી શકાય તેવી પરિસ્થિતિ ન રહેતા માન. અધ્યક્ષશ્રીએ બપોરના ૩-૩૨ વાગ્યે ગૃહની બેઠક અરધા કલાક માટે મુલતવી રાખી.

સભાગૃહની બેઠક ફરી બપોરના ૪.૦૪ વાગ્યે મળી.

સભાગૃહની બેઠક ફરી શરૂ થતાંની સાથે જ માન. અધ્યક્ષશ્રીએ સ્પષ્ટતા કરી કે તેઓ પોતાનો નિર્ણય જાહેર કરે તે પહેલાં નિર્ણય અણગમતો આવશે. તેવું માનીને તે કારણે ગૃહમાં જે અવ્યવસ્થા થઈ તેથી ગૃહની બેઠક મુલતવી રાખવી પડી. તેમણે જાહેર કર્યું કે અવિશ્વાસના પ્રસ્તાવ ઉપરની ચર્ચા આજે જે રાબેતા મુજબનું કામકાજ દિવસના કામકાજની યાદીમાં દર્શાવવામાં આવ્યું છે. અને જેને માટે થોડોક જ સમય જરૂરી છે. તે પૂરું કર્યા બાદ હાથ ધરવામાં આવે આજે ગૃહની બેઠક સાંજના ૬.૦૦ વાગ્યા સુધી લંબાવવામાં આવે. આવતી કાલે પ્રશ્નોત્તરી બાદ ચર્ચા ચાલુ રાખવામાં આવે.

૪. શ્રી નલિન ભટ્ટે નિયમ-૧૧૬ અન્વયે "પંચમહાલ--ભરૂચ અને સાબરકાંઠા જિલ્લાઓની આદિવાસી પ્રજાને ખોટી રીતે બહેકાવી બળવો કરવાની પ્રેરણા આપતી વિદેશી કેસેટો અને ત્રાસવાદની નવી તરાહના ભાગરૂપે મંત્રી મંડળના બંગલાઓમાં ઝેરી પ્રાણીઓ ધુસાડવાથી ફેલાયેલ ભયની લાગણી" અંગે તાકીદની અગત્યની બાબત પર મુખ્યમંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

રાજ્યકક્ષાના ગૃહમંત્રી શ્રી પ્રબોધકાન્ત પંડ્યાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલ પ્રશ્નોના જવાબ આપ્યા.

૫. નીચેના કાગળો સભાગૃહના મેજ ઉપર મૂકયા.

(૧) સન ૧૯૯૧નો વટહુકમ ક્રમાંક—૧ સન ૧૯૯૧નો ગુજરાત વિધાનસભા સભ્ય (ગેરલાયકાત નિવારણ) (સુધારા) વટહુકમ તથા વટહુકમ બહાર પાડવાના સંજોગો સમજાવતું નિવેદન.

(૨) સન ૧૯૯૧નો વટહુકમ ક્રમાંક-૨ સન ૧૯૯૧નો મુંબઈ જમીન હંગામી સંપાદન (ગુજરાત સુધારા) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવાના સંજોગો સમજાવતું નિવેદન.

(૩) ગુજરાત રાજ્ય નાણાકીય નિગમનો સન ૧૯૮૯–૯૦નો ઓડિટ અહેવાલ, અને આ અહેવાલને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનું નિવેદન.

(૪) ગુજરાત રાજ્ય નાણાકીય નિગમનો સન ૧૯૯૦–૯૧નો વાર્ષિક અહેવાલ.

(૫) ગુજરાત કૃષિ વિશ્વ વિદ્યાલયના સન ૧૯૭૯–૮૦ અને ૧૯૮૦–૮૧ના ઓડિટ અહેવાલ તથા તે પર લેવાયેલા પગલાનું નિવેદન તેમજ આ અહેવાલોને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનું નિવેદન.

(૬) ગુજરાત કૃષિ વિશ્વ વિદ્યાલયનો સન ૧૯૮૮–૮૯નો વાર્ષિક વહીવટી અહેવાલ તથા વિદ્યાલયની કામગીરી અંગેનો સરકારનો અહેવાલ અને આ અહેવાલનો વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.

(૭) ગુજરાત રાજ્ય બીજ નિગમ લિમિટેડના સન ૧૯૮૯–૯૦નો વાર્ષિક અહેવાલ, નિગમની કામગીરી અંગેનો સરકારનો અહેવાલ તથા આ અહેવાલને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.

(૮) ગુજરાત વિદ્યુત બોર્ડનું સન ૧૯૯૧–૯૨નું વાર્ષિક નાણાકીય વિવરણ પત્રક.

૬. સચિવશ્રીએ આઠમી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલા અને જેને અનુમતિ છે તેવા સન ૧૯૯૧ના વિધેયક ક્રમાંક ૩, ૭, ૮, ૨૨, ૨૩, ૨૮, ૨૯ અને ૩૧ સભાગૃહના મેજ ઉપર મૂકયા.

૭. (૧) અધ્યક્ષશ્રીએ શ્રી જશપાલસિંગને ગેરલાયક ઠરાવતા તેમના તા. ૨૫મી જૂન, ૧૯૯૧ના હુકમની જાહેરાત કરી અને તેમના આ હુકમ સામે શ્રી જશપાલસીંગે ભારતની સર્વોચ્ચ અદાલતમાં પિટિશન ફોર સ્પેશ્યલ લીવ ટુ અપીલ રજૂ કરી છે તે અંગે તેમજ તે સંબંધે તેઓએ અધ્યક્ષ તરીકે અને આગાઉની આ બાબતની પ્રથા અને પ્રણાલિકાઓ તેમજ બંધારણીય જોગવાઈઓને ધ્યાને લઈ શું અભિગમ અપનાવ્યો છે તે અંગે પણ જાહેરાત કરી.

(૨) તા. ૨૭મી માર્ચ, ૧૯૯૧ના રોજ સભ્ય શ્રી સુરેશચંદ્ર મહેતાએ શહેરી વિસ્તારમાં નવા બંધાતા મકાનો ઉપર વેરાની દરખાસ્ત આવરી લેતું વિધેયક સભાગૃહ સમક્ષ નહીં લાવવા સંબંધમાં ઉઠાવેલ પોઈન્ટ ઓફ ઓર્ડર સંબંધે પોતાનો નિર્ણય જાહેર કર્યો.

(૩) વિધાનસભાના ગત સત્રમાં સભ્ય, શ્રી સુરેશચંદ્ર મહેતાએ વિધાનસભાના મકાનમાં ચોથા માળે આવેલા ભા. જ. પ. ની તા. ૬ઠ્ઠી માર્ચ, ૧૯૯૧ના રોજ મળેલી બેઠકની પોલીસ ઈન્સ્પેક્ટર મારફત કહેવાતી જાસૂસી અંગે તા. ૭મી માર્ચ, ૧૯૯૧ના રોજ સભાગૃહમાં ઉપસ્થિત કરેલ મુદ્દા અંગે પોતાના નિર્ણયની અધ્યક્ષશ્રીએ જાહેરાત કરી.

૮. (૧) જાહેર સાહસો માટેની સમિતિના પ્રમુખ, શ્રી છગનભાઈ પટેલે સમિતિનો ત્રીજો અહેવાલ રજૂ કર્યો.

(૨) અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિના પ્રમુખ, શ્રી ચંદુભાઈ ડાભીએ સમિતિનો નવમો અને દસમો અહેવાલ રજૂ કર્યો.

(૩) બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખ, શ્રી નાનાભાઈ રોયલાએ સમિતિનો તેરમો અહેવાલ રજૂ કર્યો.

૯. બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખ, શ્રી નાનાભાઈ રોયલાએ પ્રસ્તાવ રજૂ કર્યો કે—

'આ સભાગૃહ, બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના તેરમા અહેવાલ સાથે સંમત થાય"

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૧૦. સભ્ય, શ્રી સુરેશચંદ્ર રૂ. મહેતાએ નીચેનો પ્રસ્તાવ વિધાનસભાના નિયમોના નિયમ-૧૦૬ અન્વયે રજૂ કર્યો અને તેમના મંતવ્યો રજૂ કર્યા—

"આ સભાગૃહ વર્તમાન મંત્રીમંડળમાં અવિશ્વાસ વ્યક્ત કરે છે."

ત્યારબાદ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ગુરૂવાર, તા. ૫મી સપ્ટેમ્બર, ૧૯૯૧.

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબો આપવામાં આવ્યા.

૨. શ્રી નરેશકુમાર રાવલે નિયમ-૧૧૬ અન્વયે"વિજાપુર તાલુકાના ગુંદરાસણ ગામે તાજેતરમાં ધોળા દિવસે એક હરિજન આગેવાનને કેરોસીન છાંટી સળગાવી મારવાના બનાવે હરિજનોમાં વ્યાપેલી ભયની લાગણી" અંગે મુખ્ય મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

રાજ્યકક્ષાના ગૃહમંત્રીશ્રી પ્રબોધકાન્ત પંડ્યાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ તેમણે તથા મુખ્ય મંત્રીશ્રી ચીમનભાઈ પટેલે આપ્યા.

૩. શ્રી મનોહરસિંહજી જાડેજાએ અધ્યક્ષશ્રીની પૂર્વમંજૂરીથી તારાંકિત પ્રશ્નો પૂછવાના ગૃહના સભ્યશ્રીઓના અધિકાર ઉપર ટૂંકી મુદતથી સત્ર બોલાવવાના કારણે થતી અસરનો મુદ્દો ઉપસ્થિત કર્યો.

આ મુદ્દાની વિચારણા બીજા દિવસ પર મલતવી રાખવામાં આવી.

૪. નીચેના કાગળો સભાગૃહના મેજ ઉપર મૂકયા—

(૧) ઈન્ડિયન ઓઈલ કોરપોરેશનનો સન ૧૯૮૯–૯૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.

(૨) ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનું સન ૧૯૯૧–૯૨નું અંદાજપત્ર.

(૩) ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમની સન ૧૯૬૨ના ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ અન્વયેની—

૧. ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ (કર્મચારી વર્ગ) નિયમો, ૧૯૬૩ને સુધારતી તારીખ ૩૦-૩-૯૧ની અધિસૂચના.

૨. ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ (કર્મચારી વર્ગ) વિનિયમો, ૧૯૬૩ને સુધારાતી તા-૨૬-૪-૯૧ની અધિસૂચના.

(૪) નાણા વિભાગની

૧. સન ૧૯૭૬ની ગુજરાત રાજ્ય વ્યવસાય, વ્યાપાર ધંધા અને રોજગાર વેરા અધિનિયમ અન્વયેની તારીખ ૫-૬-૯૧ની અધિસૂચના

૨. સન ૧૯૬૯ના ગુજરાત વેચાણવેરા અધિનિયમ અન્વયેની—

(અ) તા-૧-૪-૯૧ની અધિસૂચના ક્રમાંક-જીએચએન-૧૧-જીએસટી-૧૦૯૧-(૪૯) (૨૩૬)ઠ.

(બ) તા-૧-૪-૯૧ની અધિસૂચના ક્રમાંક: જીએચએન-૧૨ જીએસટી-૧૦૯૧-(ક-૪૯) (૨૩૭)ઠ.

(ક) તા-૧-૪-૯૧ની અધિસૂચના ક્રમાંક-જીએચએન-૧૩-જીએસટી-૧૦૯૧-(ક-૪૯) (૨૩૮)ઠ.

(ડ) તા-૧-૪-૯૧ની અધિસૂચના ક્રમાંક-જીએચએન-૧૪–જીએસટી-૧૦૯૧-(ક-૪૯) (૨૩૯)ઠ.

(ઈ) તા-૧૨-૪-૯૧ ની અધિસૂચના ક્રમાંક-જીએચએન-૧૯-જીએસટી-૧૦૯૧-(ક-૪૯) (૨૪૦)ઠ.

(એફ) તા-૨૫-૪-૯૧ની અધિસૂચના ક્રમાંક-જીએચએન-૨૦-જીએસટી-૧૦૯૧ (ક-૪૯) (૨૪૧)ઠ.

(જી) તા-૫-૮-૯૧ની અધિસૂચના ક્રમાંક-જીએચએન-૨૬-જીએસટી-૧૦૯૧ (ક-૪૯) (૨૪૨) ઠ.

(એચ) તા-૬-૮-૯૧ની અધિસૂચના ક્રમાંક-જીએચએન-૨૭-જીએસટી-૧૦૯૧—(ક-૪૯) (૨૪૩) ઠ

૩. સન ૧૯૭૦ના ગુજરાત વેચાણવેરા નિયમો અન્વયેની તા. ૩૦-૩-૯૧ની અધિસૂચના ક્રમાંક:જીએચએન-૧૦/જીએસએ/૨/૧૦૯૧/૬૯ ઠ.

૪. સન ૧૯૬૩ના ગુજરાત રાજ્ય બાંયેધરી અધિનિયમ, અન્વયેની—

અ. સન ૧૯૯૦-૯૧ના નાણાકીય વર્ષ દરમિયાન રાજ્ય સરકારે જુદી જુદી સંસ્થાઓને આપેલ બાંયધરીની વિગત દર્શાવતું પત્રક.

બ. સન ૧૯૯૦-૯૧ના વર્ષ દરમિયાન રાજ્ય સરકારે જુદી જુદી સંસ્થાઓને આપેલ બાંયધરીના કારણે રાજ્યના એકત્રિત ભંડોળમાંથી સરકારે સંસ્થાઓ વતી કરેલ ચુકવણીની વિગત દર્શાવતું પત્રક.

ક. ૧૯૯૦-૯૧ના વર્ષ દરમિયાન પરત ભરપાઇ કરેલી રકમની વિગત દર્શાવતું પત્રક.

૫. તા. ૧૯-૩-૯૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ સભ્ય, શ્રી સિરાઝુદીન કાઝીના તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૭૨૭૮ના જવાબમાં સુધારો કરતું નિવેદન રજૂ કરવા મહેસૂલ મંત્રીશ્રી ઉભા થયાં હતા ત્યારે સભ્યશ્રી સુરેશચંદ્ર મહેતાએ ઉપસ્થિત કરેલ પોઇન્ટ ઓફ ઓડર સંબંધે પોતાનો મોકૂફ રાખેલ નિર્ણયની અધ્યક્ષશ્રીએ જાહેરાત કરી.

૬. તા. ૪થી સપ્ટેમ્બર, ૧૯૯૧ના રોજ સભ્ય, શ્રી સુરેશચંદ્ર મહેતાએ વિધાનસભાના નિયમોના નિયમ ૧૦૬ અન્વયે રજૂ કરેલ નીચેના પ્રસ્તાવ પર અધૂરી રહેલ ચર્ચા આગળ હાથ ધરવામાં આવી,

"આ સભાગૃહ વર્તમાન મંત્રીમંડળમાં અવિશ્વાસ વ્યકત કરે છે."

માનનીય મંત્રીશ્રી શશીકાંત લાખાણી તા. ૪-૯-૯૧ના રોજ તેમનું અધૂરું રહેલ પ્રવચન કરી રહયા હતા તે દરમિયાન મહિલા પ્રેક્ષક દીર્ધામાંથી કેટલીક મહિલાઓએ "સિસ્વાને ન્યાય આપો" તેવા સૂત્રોચ્ચાર શરૂ કરી ગૃહમાં બંગડીઓ ફેંકી ત્યારે અધ્યક્ષશ્રીએ તેમને દીર્ધામાંથી દૂર કરવાનો આદેશ આપતાં સલામતીદળના સભ્યોએ તેમને ત્યાંથી દૂર કર્યા.

ત્યારબાદ કાયદા મંત્રીશ્રી શશીકાંત લાખાણીએ ગૃહની નજર સમક્ષ આવા દેખાવો કરીને ગૃહનું અવમાન કર્યુ હોવાથી તેમને આજના દિવસે ગૃહની બેઠક પૂરી થાય ત્યાં સુધી અટકાયતમાં રાખવામાં આવે તેવો પ્રસ્તાવ રજૂ કર્યો.

ત્યારબાદ ઉક્ત પ્રસ્તાવ મત પર મૂકવામાં આવતા સભાગૃહે તેનો વિના વિરોધે સ્વીકાર કર્યો અને દેખાવ કરનાર મહિલાઓને તે અનુસાર અટકાયતમાં રાખવાના આદેશો અધ્યક્ષશ્રીએ આપ્યા.

૭. ત્યારબાદ માનનીય મંત્રીશ્રી શશીકાંત લાખાણીએ તેમનું અધૂરું રહેલ વકતવ્ય પૂરું કર્યું.

ત્યારબાદ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

૮. સભ્ય, શ્રી ભોળાભાઈ પટેલ તેમનું વકતવ્ય રજુ કરી રહ્યા હતા ત્યારે પ્રેક્ષક દીર્ઘામાંથી થોડા પ્રેક્ષકોએ સૂત્રોચ્ચાર શરૂ કર્યા ત્યારે અધ્યક્ષશ્રીએ તેમની ધરપકડ કરી દીર્ઘામાંથી દૂર કરવાનો આદેશ આપતાં સલામતીદળના સભ્યોએ તેમને ત્યાંથી દૂર કર્યા.

ત્યારબાદ કાયદા મંત્રીશ્રી શશીકાંત લાખાણીએ ગૃહની નજર સમક્ષ આવા દેખાવો કરીને ગૃહનું અપમાન કર્યું હોવાથી તેમને ત્રણ દિવસની સજા કરવામાં આવે એવો પ્રસ્તાવ રજુ કર્યો

વિરોધ પક્ષના નેતા, શ્રી કેશુભાઈ પટેલે ત્રણ દિવસ નહીં પણ એક દિવસની સજા કરવામાં આવે તેવું સૂચન કર્યું. દરમિયાન ભા. જ. પ.ના સભ્ય, શ્રી મદનલાલ કાપડીયા તેમની બેઠક ઉપરથી ઉભા થઈ મંત્રીશ્રીઓની બેઠક સુધી આવી બંગડીઓ મૂકી ગયા. ત્યારબાદ પંચાયત મંત્રીશ્રી લીલાધર વાઘેલા કાંઈક અપશબ્દો બોલ્યા છે તેમ જણાવી ભા. જ. પ.ના સભ્યો ઉશ્કેરાઈ ગયા અને અધ્યક્ષશ્રી સામે ગૃહની વચ્ચે આવી મોટેથી બોલવા લાગ્યા પરિણામે અવ્યવસ્થા વ્યાપી ગઈ અને સભ્યોનું ટોળું થઈ જતાં ગૃહની કાર્યવાહી ચલાવી ન શકાય તેવી સ્થિતિનું નિર્માણ થતાં અધ્યક્ષશ્રીએ ગૃહની બેઠક ૩--૧૫ વાગ્યા સુધી મુલતવી રાખી.

સભાગૃહ બપોરના ૩--૧૫ વાગે ફરી મળતાં અધ્યક્ષશ્રીએ ગૃહની બેઠક કયા સંજોગોમાં મુલતવી રાખવામાં આવી અને શું શું અનિચ્છનીય બનાવો બન્યા તેની વિગતો ટૂંકમાં જણાવીને એવું જણાવ્યું કે આ અનિચ્છનીય બનાવો માટે સંબંધિત સર્વે અને પક્ષના નેતાઓ તેમની ચેમ્બરમાં મળ્યા હતા અને અનિચ્છનીય બનાવો માટે જવાબદાર સર્વે સંબંધિતોએ દિલગીરી વ્યકત કરી અને જે કાંઈ બન્યું તે માટે માફી માગી હતી.

ત્યારબાદ મુખ્યમંત્રી, શ્રી ચીમનભાઈ પટેલે જે કાંઈ બન્યું તે માટે દિલગીરી વ્યકત કરી, ભવિષ્યમાં કોઈપણ સભ્યશ્રી તરફથી ગેરવર્તન ન થાય તેની કાળજી રાખવાની તેમણે ખાતરી આપી.

વિરોધપક્ષના નેતા, શ્રી કેશુભાઈ પટેલે પણ ઉકત બનાવ અંગે ખેદ વ્યકત કરી તેમના પક્ષના સભ્યશ્રી તરફથી પણ હવે આ પ્રકારનું વર્તન ન થાય તે જોવાની ખાતરી આપી.

ત્યારબાદ ગૃહ મુલતવી રહયું તે અગાઉ પ્રેક્ષક દીર્ઘામાં જે સૂત્રોચ્ચાર થયો હતો તે અંગે શિક્ષા કરવાની કાર્યવાહી અધૂરી રહી હતી તે બાબત હાથ ધરવામાં આવતા ઉપાધ્યક્ષ, શ્રી મનુભાઈ પરમારે એવું જણાવ્યું કે કાયદા મંત્રીશ્રી શશીકાન્ત લાખાણીએ ત્રણ દિવસની સજા કરવાની શિક્ષાનો પ્રસ્તાવ મૂક્યો છે તે આકરો ગણાય તેને બદલે એક દિવસની શિક્ષા કરવામાં આવે તેવો હું સુધારો સૂચવું છું.

ત્યારબાદ પ્રેક્ષક દીર્ઘામાં સૂત્રોચ્ચાર કરી દેખાવ કરનારને એક દિવસની સજા કરતો સુધારેલ પ્રસ્તાવ સંસદીય બાબતોના મંત્રીશ્રીએ રજૂ કર્યો અને તે મત પર મૂકવામાં આવતા સભાગૃહે તેનો વિના વિરોધે સ્વીકાર કર્યો. દેખાવકારોને તે અનુસાર અટકાયતમાં રાખવાના આદેશો અધ્યક્ષશ્રીએ આપ્યા.

ત્યારબાદ શ્રી ભોળાભાઈ પટેલે તેમનું અધૂરું રહેલું પ્રવચન પૂરું કર્યું.

મુખ્ય મંત્રી, શ્રી ચીમનભાઈ પટેલના પ્રવચન દરમિયાન પ્રેક્ષક દીર્ઘામાંથી થોડા પ્રેક્ષકોએ સૂત્રોચ્ચાર કરતાં અધ્યક્ષશ્રીએ તેમની ધરપકડ કરી દીર્ઘામાંથી દૂર કરવાનો આદેશ આપતા સલામતીદળના સભ્યોએ તેમને ત્યાંથી દૂર કર્યા.

ત્યારબાદ કાયદા મંત્રી, શ્રી શશીકાન્ત લાખાણીએ ગૃહની નજર સમક્ષ આવા દેખાવો કરી ગૃહનું અવમાન કર્યું હોવાથી તેમને આજના દિવસે ગૃહની બેઠક પૂરી થાય ત્યાં સુધી અટકાયતમાં રાખવામાં આવે તેવો પ્રસ્તાવ રજૂ કર્યો.

ત્યારબાદ ઉક્ત પ્રસ્તાવ મત પર મૂકવામાં આવતા સભાગૃહે તેનો વિના વિરોધે સ્વીકાર કર્યો અને દેખાવકારોને તે અનુસાર અટકાયતમાં રાખવાના આદેશો આપ્યા.

૧૦. ત્યારબાદ મુખ્યમંત્રીશ્રી ચીમનભાઈ પટેલે તેમનું અધુરૂં રહેલ પ્રવચન પુરૂં કર્યું.

ત્યારબાદ શ્રી સુરેશચંદ્ર મહેતાએ ચર્ચાનો જવાબ આપ્યો.

ત્યારબાદ નિયમ ૧૦૬ અન્વયેનો ઉક્ત પ્રસ્તાવ મત પર મૂકવામાં આવ્યો અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

૧૧. ૧. દાખલ થયેલ બિન-સરકારી વિધેયક— શ્રી મનોહરસિંહજી જાડેજાએ સન ૧૯૯૦નું ગુજરાત વિધાનસભા સચિવાલય (ભરતી અને સેવાની શરતો બાબત) વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

૨. પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના બિન સરકારી વિધેયકો.—નીચેના બિન-સરકારી વિધેયકોના પહેલા વાંચનના પ્રસ્તાવો રજૂ થયા અને ચર્ચાને અંતે સભાગૃહની અનુમતિથી પ્રથમ બે વિધેયકોને પાછા ખેંચી લેવામાં આવ્યા અને વિધેયક ક્રમાંક-૩નો પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો મતગણતરીનું પરિણામ જાહેર કરવામાં આવે તે પહેલાં સભ્યશ્રી અશોક ભટ્ટે વિભાજનની માગણી કરી જે સ્વીકારવામાં આવી. સભ્યોને તેમની જગાએ ઉભા થઈને વિભાજન કરતા પ્રસ્તાવની તરફેણમાં ૬૨ મત અને વિરૂદ્ધમાં ૮૩ મત પડતાં પ્રસ્તાવનો અસ્વીકાર કરવામાં આવ્યો.

૧. સન ૧૯૯૧નું વિધેયક ક્રમાંક-૧૫
સન ૧૯૯૦નું ગુજરાત વિધાનસભા સચિવાલય (ભરતી અને સેવાની શરતો બાબત) વિધેયક પ્રભારી સભ્ય શ્રી હરિશ્ચન્દ્ર પટેલ.

૨. સન ૧૯૯૧નું વિધેયક ક્રમાંક-૨૫

સન ૧૯૯૧નું ગુજરાત રાજ્ય રમતવીર પ્રોત્સાહન વિધેયક પ્રભારી સભ્ય શ્રી ઉદેસિંહ બારીઆ

૩. સન ૧૯૯૧નું વિધેયક ક્રમાંક-૨૬

સન ૧૯૯૧નું ગુજરાત માધ્યમિક શિક્ષણ (સુધારા) વિધેયક પ્રભારી સભ્ય, શ્રી કાંતિલાલ ભ. સોલંકી.

**શુક્રવાર, તા. ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૧૯૯૧.**

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબો આપવામાં આવ્યા.

૨. સભ્ય શ્રી સવજીભાઈ કોરાટે નિયમ-૧૧૬ અન્વયે "જૂનાગઢ તાલુકાના ચોકી ગામના ખેડૂતો પર એસ આર.પી.ના જવાનોના ટોળાએ કરેલ હુમલાના કારણે ઉપસ્થિત થયેલ પરિસ્થિતિના નિવારણ અંગે" તાકીદની જાહેર અગત્યની બાબત પર મુખ્યમંત્રીશ્રી (ગૃહ) નું ધ્યાન દોર્યું.

રાજ્યકક્ષાના ગૃહમંત્રી, શ્રી પ્રબોધકાંત પંડ્યાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલ પ્રશ્નોના જવાબ તેમણે તથા મુખ્યમંત્રી શ્રી ચીમનભાઈ પટેલે આપ્યા.

૩(૧) માન. નાણા મંત્રી શ્રી છબીલદાસ મહેતાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરીને જણાવ્યું કે પ્રશ્નોત્તરી દરમિયાન જે સૂત્રોચ્ચાર થયા તે વ્યાજબી નથી. પ્રશ્નોત્તરીનો મહત્વનો સમય બગડે છે અને ગૃહમાં શાંતિથી કામકાજ ચાલે તે જરૂરી છે તેવી લાગણી વ્યકત કરી.

ત્યાર બાદ ગૃહના અન્ય સભ્યોએ પણ પોતાના વિચારો વ્યકત કર્યા.

ત્યારબાદ અધ્યક્ષશ્રીએ નિર્ણય આપતાં જણાવ્યું કે વિરોધપક્ષના કેટલાંક સભ્યોએ સૂત્રોચ્ચાર કરી સભાત્યાગ કર્યો જે અધ્યક્ષશ્રીના પ્રશ્ન મુલતવી નહીં રાખવાના નિર્ણય સામે હતો. અધ્યક્ષશ્રીને કોઈને ગમતો નિર્ણય કરવા દબાણ કરી શકાય નહીં. પ્રશ્નોત્તરીના સમય દરમિયાન જે થયું તે બરાબર નથી અને દરેક સભ્યે આવું ન બને તેની પૂરતી કાળજી રાખે તેવી વિનંતી કરી અને ઉમેર્યું કે અન્યથા તેમને અન્ય ઉપાયો યોજવાની ફરજ પડશે.

(૨) સભ્ય, શ્રી દિલીપસિંહજી ઠાકોરે એવો મુદ્દો ઉપસ્થિત કર્યો કે અધ્યક્ષશ્રીએ બોલવા માટે પરવાનગી ન આપી હોય તેવા સભ્યોના માઈક બિન-જરૂરી રીતે ચાલુ કરવામાં આવે છે તે બરાબર નથી.

માનનીય અધ્યક્ષશ્રીએ આ બાબત લેખિત રીતે પણ તેમની સમક્ષ રજૂ કરવામાં આવી છે અને તે સંબંધે ઘટતું કરવામાં આવશે તેવું જણાવ્યું.

૪. શ્રી મનોહરસિંહજી જાડેજાએ ગઈકાલે ટૂંકી સૂચનાથી સત્ર બોલાવવાને કારણે સભ્યોને તારાંકિત પ્રશ્નો પૂછવામાં પડતી મુશ્કેલી અંગે ઉપસ્થિત કરેલ મુદ્દા સંબંધમાં આગળ વિચારણા હાથ ધરવામાં આવી. આ મુદ્દા અંગે કેટલાક સભ્યોએ પોતાના મંતવ્યો રજૂ કર્યા.

ત્યારબાદ મુખ્યમંત્રી, શ્રી ચીમનભાઈ પટેલે જણાવ્યું કે આ સત્ર થોડી ટૂંક સૂચનાથી બોલાવવામાં આવ્યું છે પરંતુ સભ્યોને પ્રશ્ન પૂછવા માટે જોઈતો સમય મળી રહે તે રીતે માનનીય અધ્યક્ષશ્રી અને તેમના સચિવાલય તરફથી છૂટ આપવામાં આવી છે અને જરૂરી કાળજી લેવાઈ છે. ભૂતકાળમાં પણ ટૂંકી સૂચનાથી સત્ર બોલાવવાના પ્રસંગો બનેલા છે તેમ છતાં સભ્યોને પ્રશ્ન પૂછવામાં પૂરતો સમય મળે અને અગવડ ન પડે તે ધ્યાનમાં રાખીને ભવિષ્યમાં સત્રો બોલાવવા પ્રયાસ કરવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે સરકાર તરફથી જરૂરી સ્પષ્ટતા થઈ ગઈ છે તેમજ કાળજી લેવામાં આવશે તેમ જણાવવામાં આવ્યું તે જોતાં આ મુદ્દા અંગે વિશેષ કંઈ કરવાનું રહેતું નથી.

નીચેના કાગળો સભાગૃહના મેજ ઉપર મૂકયા—

(૧) સ્થાનિક ભંડોળ હિસાબોના નિરીક્ષકશ્રીનો સન ૧૯૮૫--૮૬ના વર્ષનો જિલ્લા અને તાલુકા પંચાયતોના હિસાબો પરનો ઓડિટ અહેવાલ તથા વિલંબના કારણો દર્શાવતું નિવેદન.

૬. સરકારી વિધેયકો અને વટહુકમ નામંજુર કરતા પ્રસ્તાવ.

(૧) શિક્ષણ મંત્રી, ડો. કરસનદાસ સોનેરીએ સન ૧૯૯૧નું ગુજરાત સંલગ્ન કોલેજ અને યુનિવર્સિટી સેવા ટ્રિબ્યુનલ કાયદા (સુધારા) વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

(૨) સન ૧૯૯૧નું વિધેયક ક્રમાંક--૩૪, સન ૧૯૯૧નું ગુજરાત રાજ્ય બાંયધરી (સુધારા) વિધેયક.

નાણા મંત્રી, શ્રી છબીલદાસ મહેતાએ ઉકત વિધેયક દાખલ કર્યું. પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને પોતાનું મંતવ્ય રજૂ કર્યું.

ત્યારબાદ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

સોમવાર, તા. ૯મી સપ્ટેમ્બર, ૧૯૯૧.

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબો આપવામાં આવ્યા.

૨. સભ્ય, શ્રી ઉદેસિંહ બારીયાએ નિયમ--૧૧૬ અન્વયે "રાજ્યના કેટલાક વિસ્તારોમાં અપૂરતા વરસાદને કારણે ઉપસ્થિત થયેલ પરિસ્થિતિ" અંગે તાકીદની અગત્યની બાબત પર મહેસૂલ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

મહેસૂલ મંત્રી, શ્રી દલસુખભાઈ ગોધાણીએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલ પ્રશ્નોના જવાબ આપ્યા.

૩. શ્રી સુરેશચંદ્ર મહેતાએ માનનીય અધ્યક્ષશ્રીની પૂર્વમંજૂરીથી તા. ૪-૯-૯૧ના રોજ માનનીય અધ્યક્ષશ્રીએ શ્રી જશપાલસીંગને ગેરલાયક ઠરાવવાના હુકમ સામે શ્રી જશપાલસીંગ સુપ્રિમ કોર્ટમાં જતાં, સુપ્રિમ કોર્ટે જે હુકમ કરેલ તેને અવગણવામાં આવતી જે જાહેરાત કરી તે અંગે કેટલાક મુદ્દા ઉપસ્થિત કરી આવી જાહેરાતના ઔચિત્ય અંગે માર્ગદર્શન માગ્યું, ઉપરાંત ગુજરાત વિધાનસભાએ કાયદા વિભાગને તેના પ્રતિનિધિ બનાવવાને બદલે વિધાનસભા સચિવાલય જ માનનીય અધ્યક્ષશ્રીનું દ્દષ્ટિબિંદુ સુપ્રિમ કોર્ટમાં રજૂ કરે તે વ્યાજબી ગણાય, તેમ કહી આ મુદ્દા અંગે માર્ગદર્શન માગ્યું.

ત્યારબાદ સભ્ય, શ્રી મનોહરસિંહજી જાડેજા, કાયદા મંત્રી, શ્રી શશીકાન્ત લાખાણી, સભ્ય, શ્રી સુરેશચંદ્ર મહેતાએ ફરીવાર સભ્ય, શ્રી હરિશચંદ્ર પટેલ અને સભ્યશ્રી લેખરાજ બચાણીએ પોત પોતાનું દ્દષ્ટિબિંદુ રજૂ કર્યું.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ સ્પષ્ટતા કરી કે શ્રી જશપાલસીંગને ગેરલાયક ઠરાવવા અંગેની જાહેરાત નિયમથી જરૂરી ગણવામાં આવી હોવાથી કરી હતી. સુપ્રિમ કોર્ટની નોટિસ અને વચગાળાના હુકમ અંગે જે જાહેરાત કરી તે લોકસભા અને અન્ય વિધાન મંડળોના અધ્યક્ષશ્રીઓએ આવા જ કિસ્સામાં જે કાર્યરીતિ અપનાવી હતી તેને ધ્યાનમાં લઈને કરી હતી. કાયદા વિભાગને સુપ્રિમ કોર્ટનાં કાગળો મોકલવાની જાહેરાત પણ લોકસભા અને અન્ય વિધાન-મંડળોની પધ્ધતિને અનુસરીને કરવામાં આવી હતી.

૪. નીચેના કાગળો સભાગૃહના મેજ ઉપર મૂકયા—

(૧) ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમના સન ૧૯૮૯-૯૦ના વાર્ષિક હિસાબો, ઓડિટ અહેવાલ તથા આ અહેવાલને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.

(૨) ગૃહ વિભાગની સન ૧૯૫૮ના મુંબઈ મોટર વાહન કર અધિનિયમ અન્વયેની —

૧. તા. ૨૨-૧-૯૧ની અધિસૂચના.

૨. તા. ૧૯-૪-૯૧ની અધિસૂચના

૩. તા. ૧૯-૭-૯૧ની અધિસૂચના.

૪. સન ૧૯૬૨ના ગુજરાત કેરેજ ઓફ ગુડઝ ટેક્ષેશન એકટ અન્વયેની તા. ૧૯-૭-૯૧ની અધિસૂચના.

૫. સન ૧૯૪૭ના ઔદ્યોગિક તકરાર અધિનિયમ અન્વયેની શ્રમ અને રોજગાર વિભાગની તારીખ ૨૮-૬-૯૧ની અધિસૂચના.

૩. તા. ૨૭મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના રોજ માનનીય સભ્ય, શ્રી અશોક ભટ્ટે ઉપસ્થિત કરેલ અગત્યના મુદ્દા સંબંધમાં માનનીય સમાજકલ્યાણ મંત્રીશ્રીએ આપેલ ખાતરીના અનુસંધાને ગાંધીનગરની આદર્શ નિવાસી શાળાના વિદ્યાર્થીની આત્મહત્યાનો તપાસ અહેવાલ.

૫. શ્રી પ્રવિણસિંહજી જાડેજાએ, શ્રમ અને રોજગાર વિભાગની તા. ૨૨મી જાન્યુઆરી ૯૧ની અધિસૂચના ગત સત્રમાં રજૂ થઈ શકી હોય તેમ જણાવી અધિસૂચના મેજ ઉપર મૂકવામાં વિલંબ થયો છે તેવો મુદ્દો ઉપસ્થિત કર્યો.

માનનીય મુખ્યમંત્રી, શ્રી ચીમનભાઈ પટેલે વિલંબ થયાનું સ્વીકારી હવે કાળજી લેવામાં આવશે તેવી ખાતરી આપી.

૬. સરકારી વિધેયકો અને વટહુકમ નામંજુર કરતા પ્રસ્તાવો—

(૧) સન ૧૯૯૧નું વિધેયક ક્રમાંક-૩૪ સન ૧૯૯૧નું ગુજરાત બાંયધરી (સુધારા) વિધેયક પહેલું વાંચન ચાલુ.

ઉક્ત વિધેયકના પહેલા વાચનના પ્રસ્તાવ પરની અધૂરી ચર્ચા હાથ ધરવામાં આવી અને વધુ સભ્યોએ ચર્ચામાં ભાગ લીધો. અને વિધેયક પહેલા, બીજા અને ત્રીજા વાંચનમાંથી પસાર કરવામાં આવ્યું.

૬. (અ) વટહુકમ નામંજુર કરતો પ્રસ્તાવ અને સરકારી વિધેયક—

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૧૨(૨) અન્વયે સભ્યશ્રી મનોહરસિંહજી જાડેજાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો.

"આ સભાગૃહ, સન ૧૯૯૧નો વટહુકમ ક્રમાંક--૨--સન ૧૯૯૧નો મુંબઈ જમીન હંગામી સંપાદન (ગુજરાત સુધારા) વટહુકમ નામંજૂર કરે."

(બ) સન ૧૯૯૧નું વિધેયક ક્રમાંક : ૩૫-સન ૧૯૯૧નું મુંબઈ જમીન હંગામી સંપાદન (ગુજરાત સુધારા) વિધેયક. માર્ગ અને મકાન મંત્રી, શ્રી દિનશા પટેલે ઉક્ત વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું અને વિધેયકના પહેલા વાંચનનો પ્રસ્તાવ રજૂ કર્યો.

ત્યારબાદ સભ્ય, શ્રી મનોહરસિંહજી જાડેજાએ શ્રી પ્રવીણસિંહજી જાડેજા અને શ્રી અશોક ભટ્ટે વટહુકમ નામંજૂર કરતા પ્રસ્તાવના સમર્થનમાં પોતાનું વક્તવ્ય રજૂ કર્યું.

ત્યારબાદ પ્રભારી મંત્રી, શ્રી દિનશા પટેલે વિધેયકના સમર્થનમાં પોતાનું વક્તવ્ય રજૂ કર્યું.

૭. અધ્યક્ષશ્રીએ સભ્ય, શ્રી નલિન ભટ્ટની પોલીસે કરેલી અટકાયતની જાહેરાત કરી.

૮. અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો અઢારમો અહેવાલ વાંચીને રજૂ કર્યો.

૯. સંસદીય બાબતોના મંત્રી, શ્રી દિનશા પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે —

"આ સભાગૃહ, કામકાજ સલાહકાર સમિતિના અઢારમા અહેવાલ સાથે સંમત થાય."

ત્યારબાદ પ્રસ્તાવ મત પર મૂકવામાં આવ્યો અને સભાગૃહે વિના વિરોધે તેનો સ્વીકાર કર્યો.

**૧૦. વટહુકમ નામંજૂર કરતા પ્રસ્તાવ અને વિધેયકના પહેલા વાચન પરની ચર્ચા (ચાલુ)**

ત્યારબાદ વટહુકમ નામંજૂર કરતા પ્રસ્તાવ અને વિધેયકના પહેલા વાચનના પ્રસ્તાવ પર ભેગી ચર્ચા હાથ ધરવામાં આવી અને ચર્ચામાં સભ્યશ્રીઓએ ભાગ લીધો.

**મંગળવાર, તા. ૧૦મી સપ્ટેમ્બર, ૧૯૯૧**

